©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, NOVEMBER 13, 2025 / KARTIKA 22, 1947 [No. 46

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	3857-3919	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	91
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	46	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1657-1735

પોલીસ કમિશનર દ્વારા

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ.

ક્રમાંક: વિશેષ શાખા/'એ' સેકશન/પરમીટ/ઓટો રીક્ષા/કેબ/ટેક્ષી /૯૬/૨૦૨૫.–અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે.જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહોળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઈલ ચોરી અન્ય કિમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ધાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉપરોક્ત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં,અમદાવાદ શહેરની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઈને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે

પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

જેથી ઉપરોક્ત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેર હિતમાં હું, જી.એસ. મલિક, આઈ.પી.એસ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું.

-: હુકમ :-

અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનાં ચાલકે/ માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ૧૨ ઈંચ×૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ m.m. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ) આશરે ૩૦ m.m. ની રાખી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) નીચે મુજબનું લખાણ લખવાનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

Vehicle No. :
Owner's Name :
Driver's Name :
Police helpline No. : 100
Women helpline No. : 181
Traffic helpline No. : 1095

-: અમલવારીનો સમય :-

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમય મર્યાદાને આધિન બે માસ માટે એટલે કે તા.૧૮/૦૭/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી તા.૧૫/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૦૧, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આરબી/૪૨૫૧/૨૦૨૫ તા.૧૮/૦૭/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬, અમદાવાદ શહેર નાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/૩૮૭૮/૨૦૨૫ તા.૨૧/૦૭/૨૦૨૫.

:- જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૯૭/૨૦૨૫ તા.૨૩/૦૭/૨૦૨૫.–અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુમી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ

મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૨૬/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જી.એસ.મલિક
પોલીસ કમિશનર
અમદાવાદ-શહેર

:: જાહેરનામુ ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે. :-

ક્રમાંક : એસ.બી./ગણેશ મહોત્સવ-સુધારેલ/૧૪૮/૨૦૨૫.–સુરત શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવનો તહેવાર ખૂબ ઉત્સાહ અને ધામધુમ પૂર્વક મનાવવામાં આવે છે. સુરત શહેરમાં આ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે જયારે શ્રીગણેશજીની પ્રતિમાઓનું વિર્સજન, સરઘસ અને શોભાયાત્રા સાથે તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ નીકળનાર છે. સ્થાપના થયા તારીખથી વિર્સજનની તારીખના દિવસો દરમ્યાન ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. આ મહોત્સવ અગાઉ મૂર્તિકારો દ્વારા બનાવવામાં આવતી મૂર્તિઓના કદ બાબતે ઊંચાઈનું યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે જેથી વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન શોભાયાત્રા દરમ્યાન ટ્રાફિક સરળતાથી ચાલુ રહે અને કાયદો-વ્યવસ્થાનાં પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેમજ મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાવાની શકયતા રહે છે તેમજ મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની રાખવામાં ના આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ઉપરાંત મૂર્તિ બનાવવા માટે કેમિકલયુક્ત રંગોના ઉપયોગ થતો હોય આવી મૂર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદૂષણને અટકાવવા કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઇડલાઇન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખતના ઠરાવો અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મૂર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઇડલાઇનને ધ્યાને રાખવી જરૂરી છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેક્શન) એક્ટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્રનં. ઈએનવી/૧૦/૨૦૧૦ /૧૦૦૪/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ ની સુચના અનુસાર નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઇકોર્ટ ની સુચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ન થાય તે હેતુ માટે સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની ૦૯ (નવ) ફુટ કરતા વધારે ઉચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા ઉપર. (તમામ મુર્તીઓનું વિર્સજન કૃત્રિમ તળાવ તથા દરીયામાં કરવાનું રહેશે)

(૨) શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મુર્તીઓ અને ફાયબરની મૂર્તિ બેઠક સહિતની ૦૫ (પાંચ) ફુટથી વધારે ઉચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા, જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર. (માટી તથા પી.ઓ.પી.ની મુર્તીઓનું SMC દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં અથવા દરીયામાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) શ્રી ગણેશજીની મુર્તિના આગમન/સ્થાપના તેમજ વિસર્જન વખતે જાહેરમાર્ગ પર મંજુરી વગર સરઘસ કાઢવા ઉપર.

(૪) મંજુરીમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા ઉપર.

(૫) ગણેશ આગમન/સ્થાપના તથા વિસર્જનના દિવસે જ્યારે મુર્તિઓ લઇ આવવામાં આવે ત્યારે ડી.જે. વગાડવા ઉપર.

(૬) શ્રીગણેશજીની મૂર્તિની સ્થાપના તેમજ વિસર્જના દિવસે ચાર વ્હીલર કરતા વધુ વ્હીલરના ટ્રેઇલરો ઉપર ગણેશજીની મૂર્તિઓ લઇ જવા ઉપર.

(૭) શ્રી ગણેશજીની વિસર્જનની શોભાયાત્રામાં ઉટગાડી, બળદગાડુ, હાથી કે ટ્રેલરનો ઉપયોગ કરવા પર.

(૮) ગણેશ મહોત્સવ દરમિયાન બિભત્સ ફિલ્મી ગીતો કે ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત-સંગીત કે ભાષણો, પ્રવચનો વગાડવા પર તથા ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર કરવા પર..

(૯) શ્રીગણેશજીની મૂર્તિના આગમન/સ્થાપનાના સ્થળોએ તેમજ વિસર્જનના દિવસે વિસર્જન યાત્રા દરમિયાન કોઇ પણ વ્યક્તિઓએ શ્રી ગણેશજીની વિસર્જન યાત્રામાં જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ ઉપર તેમજ વાહનોમાં આવતા-જતા માણસો ઉપર કે મકાનો/ મિલક્તો ઉપર હાજર રહેલા માણસો ઉપર કોઇ પણ પ્રકારના રંગો કે પાઉડર ને છુટા પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રીત કરી ઉડાડવા/ છાંટવા કે ફેંકવા ઉપર.

(૧૦) ઓવારા વાઇઝ જ્યાં કૃત્રિમ તળાવ બનાવેલ હોય તેવા ઇસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તીઓનું વિસર્જન કરવા ઉપર

(૧૧) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઇપણ પ્રકારની ગંદકી કરવા કે કોઇપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવા કે અડચણ કરવા ઉપર.

(૧૨) શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડીત થયેલી મૂર્તિઓને બિનવારસી

હાલતમાં મુકવા ઉપર.

(૧૩) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા, વેચવા અને સ્થાપના કરવા ઉપર.

(૧૪) ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર

(૧૫) ફાયબરની મૂતિ વિસર્જનના દિવસે તથા ત્યારબાદ સરઘસના રૂપે બહાર કાઢવા ઉપર

(૧૬) મુર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓનો પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ તા.૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૦૯/૦૫/૨૦૧૩ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુશનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૦૮/૨૦૧૫ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધો સુરત શહેરમાં બહારથી ગણેશજીની મૂર્તિઓ લાવી વેચતા મૂર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે. જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૨/૦૭/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૮/૦૯/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા - ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા - ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૧૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે. ::-

ક્રમાંક : એસ.બી./હથિયારબંધી/૧૪૯/૨૦૨૫.–સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(ક) કોઈપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લાવવા લઈ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઈપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઈ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઈ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઈપણ વ્યક્તિનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે ભુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

:: અપવાદ ::

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૬/૦૭/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૩૦/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ :- ૧૫/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે. ::

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૧૫૦/૨૦૨૫..–સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૬/૦૭/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૩૦/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૧૫/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL JUDGE

Read :-

1. The Hon'ble High Court of Gujarat Letter No.A. 1367/2019, Dated 19/10/2019.

2. Notification No. Adm./225/2023 dt. 14/07/2023 of Family Court, Navsari.

3. Hon'ble High Court of Gujarat, Notification No.A.1201/2023 [57] Dt.05/10/2023.

4. Notification No. Adm./207/2024 Dt.05/06/2024 of Family Court, Navsari.

5. Hon'ble High Court of Gujarat, Notification No.A.1201/2025 [19] Dt.18/06/2025.

NOTIFICATION

No. Adm./50/2025.—In view of the direction given by Hon'ble High Court of Gujarat, Ahmedabad letter cited in preamble at Sr. No. 1, and supersession this Office Notification cited as Sr.No.4, the undersigned has constituted a new Committee, as per Section 4 of "The Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal), Act-2013" called **"INTERNAL COMPLAINT COMMITTEE"** to deal with The Sexual Harassment, if any, of any women as per Section 2(a)(1)(ii), in of woman employee working on the establishment of FAMILY COURT, NAVSARI, as well as Cluster Family Courts, Chikhli, Vansda and Ahwa, Judicial District Navsari and to nominate the following members in the Internal Complaint Committee.

1. FAMILY COURT, NAVSARI [DISTRICT NAVSARI]

Sr. No	Name and Designation	Committee Designation	Contact NO.	E-mail ID
1.	**Dr. V. C. MAHESHWARI,** Principal Judge, Family Court, Navsari.	**Chairperson**	9427052396	fcourt-nav@gujarat.gov.in
2.	**Mrs. B. M. Patel,** Deputy Registrar [Judi. Branch], District Court, Navsari.	**Member**	8347593233	dcourt.icc.nav@gmail.com
3.	**Mrs. M. D. Panchal,** Bench Clerk Grade - I, Khergam, Order to work MACT, Navsari.	**Member**	9427516081	dcourt.icc.nav@gmail.com
4.	**Mrs. H. P. Naik,** Bench Clerk Grade-I, District Court, Navsari.	**Member**	9909962839	dcourt.icc.nav@gmail.com
5.	**Ms. K. A. Tiwari** Advocate, Navsari	**Member**	9824546598	dcourt.icc.nav@gmail.com

2. FAMILY COURT, CHIKHLI [DISTRICT NAVSARI]

Sr. No	Name and Designation	Committee Designation	Contact NO.	E-mail ID
1.	**Mr. M. J. KHAN,** Judge, Family Court, Chikhli.	**Chairperson**	9824635254	familycourt.chikhli@gmail.com

2.	**Mrs. U. P. PATEL,** Assistant, Civil Court, Chikhli.	**Member**	9574926090	familycourt.chikhli@gmail.com
3.	**Mrs. K. M. SHAH,** Advocate, Chikhli.	**Member**	7046304244	familycourt.chikhli@gmail.com

3. FAMILY COURT, VANSDA [DISTRICT NAVSARI]

Sr. No	Name and Designation	Committee Designation	Contact NO.	E-mail ID
1.	**Mr. M. J. KHAN,** Judge, Family Court, Chikhli.	**Chairperson**	9824635254	familycourt.vansda@gmail.com
2.	**Mrs. P. H. MAISURIYA,** Registrar Civil Court, Vansda	**Member**	9924817744	familycourt.vansda@gmail.com
3.	**Mrs. J. N. PATEL,** Advocate, Vansda.	**Member**	9427575418	familycourt.vansda@gmail.com

4. FAMILY COURT, AHWA [DISTRICT NAVSARI]

Sr. No	Name and Designation	Committee Designation	Contact NO.	E-mail ID
1.	**Dr. V. C. MAHESHWARI,** Principal Judge, Family Court, Navsari.	**Chairperson**	9427052396	fcourt-nav@gujarat.gov.in & familycourt.ahwa@gmail.com
2.	**Mrs. V. B. TRIVEDI,** Advocate, Ahwa.	**Member**	9106865166	familycourt.ahwa@gmail.com
3.	**Mrs. A. S. Gangorda** Advocate, Ahwa.	**Member**	9426916279	familycourt.ahwa@gmail.com

The Internal Complaint Committee has to follow the provisions of the Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal) Act 2013.

The Internal Complaints Committee is also requested to submit the report to this office in accordance with the provisions of the Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal) Act 2013.

This Notification is come in force with immediate effect.

Date 10/07/2025.

Dr. V. C. MAHESHWARI,
Principal Judge,
Family Court, Navsari.

કલેકટર દ્વારા

ફોર્મ-૩

પરિવર્તનીય વિસ્તારમાં પૂરક મહેસુલ સેટલમેન્ટ કરવા સારૂ કલેકટર દ્વારા જાહેરનામું.

(કલમ ૧૨૫ બી અને નિયમ ૧૯-બીબી)

નં.ગણત-૭/સુચિત/ગોકુલનગર/મજુરા/જાહેરનામું/વશી નં.૨૦૨/૨૦૨૫.–આથી નીચે જણાવેલ પરિવર્તનીય વિસ્તારમાં સમાવિષ્ટ કરવામાં આવેલ વિસ્તાર માટે પૂરક મહેસુલ સેટલમેન્ટ કરવા સારૂ સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૧૫૫-૨૦૨૫-આરડી-પીયુઆર-ઈ-ફાઈલ-૧૫-૨૦૨૩-૧૬૧૮-એચ તા.૦૭/૦૭/૨૦૨૫ (અત્રે જી-મેઈલ દ્વારા મળ્યા તા.૦૭/૦૭/૨૦૨૫) થી અનુમતિ આપવામાં આવેલ છે.

જે અન્વયે મોજે:- મજુરા (ગોકુલનગર કો.ઓ.હા.સોસાયટી) તાલુકો-મજુરા, સુરત શહેરનાં નીચેના પરિવર્તનીય વિસ્તારમાં પૂરક મહેસુલ સેટલમેન્ટ કરવા ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૧૨૫-ખ મુજબ હદ ઠરાવવા સત્તા એનાયત થયેલ છે.

ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની જોગવાઈઓ, મુજબ મળેલ સત્તાની રૂએ હું ડૉ. સૌરભ પારધી (આઈ.એ.એસ.) કલેકટર સુરત, જિલ્લો સુરત આ સાથેના અનુસુચિ-૧, અનુસુચિ-૨, અનુસુચિ-૩, અને અનુસુચિ-૪, મુજબનાં વિસ્તારમાં સમાવિષ્ટ કરેલ મિલકતો/જમીનો અને મુસદારૂપ નકશામાં જણાવ્યા મુજબનાં વિસ્તારને પરિવર્તનીય વિસ્તાર જાહેર કરી પૂરક મહેસુલ સેટલમેન્ટ દાખલ કરવા જાહેર કરુ છું.

<table>
<tr><th>અનુ</th><th>વિસ્તારનું નામ</th><th>વિસ્તારમાં સમાવિષ્ટ પેટા વિસ્તારની વિગતો</th><th colspan="4">વિસ્તારની ચર્તુ:દિશા</th><th>વિસ્તારનું અંદાજીત ક્ષેત્રફળ</th></tr>
<tr><td>૧</td><td>૨</td><td>૩</td><td colspan="4">૪</td><td>૫</td></tr>
<tr><td>૧</td><td>ગોકુલનગર
કો.ઓ.હા.સોસાયટી
મોજે:- મજુરા,
સર્વે નં.૪૭/૨,
સીટી સર્વે નં.૧૦૭૫
ટી.પી.નં.૬
(મજુરા-ખટોદરા),
એફ.પી.નં.૧૧૦,
તા.મજુરા, જિ.સુરત</td><td>ગોકુલનગર
કો.ઓ.હાઉસીંગ સોસાયટી</td><td>૧</td><td>પૂર્વ</td><td>એફ.પી.નં.૧૦૯, કોટેજ ઈન્ડસ્ટ્રી</td><td></td><td>૭૬૨૨.૦૦ ચો.મી</td></tr>
<tr><td></td><td></td><td></td><td>૨</td><td>પશ્ચિમ</td><td>એફ.પી.નં.૧૧૧</td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td></td><td>૩</td><td>ઉત્તર</td><td>૪૦ મી. રોડ</td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td></td><td>૪</td><td>દક્ષિણ</td><td>એફ.પી.નં.૧૧૧</td><td></td><td></td></tr>
</table>

સુરત, તારીખ ૧૬/૦૭/૨૦૨૫

ડૉ.સૌરભ પારધી
કલેકટર
સુરત,.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચનમાં લીધું:-

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૧૮/૧૦/૨૦૧૨ જાહેરનામા નં.જજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ

૨. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૪, ૧૫

હુકમ

નં.એમએજી/ચુંટણી/વશી. ૫૦૨૯ થી ૫૦૭૦/૨૦૨૫.-ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક રાજય ચુંટણી આયોગના પત્ર તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. જેને લક્ષમાં લેતાં ચુંટણી અંગેની સંવેદનશીલ કામગીરી કરવા માટે રાજયનાં ચુંટણી આયોગ તરફથી ચુંટણી અધિકારી, મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓ તથા વધારાના મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓની નિમણુંક કરવામાં આવેલ છે. તેમજ ચુંટણીની કામગીરી સરળતાથી પાર પાડવાના કામે દરેક ગ્રામપંચાયત મતવિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ ધ્વારા અત્રેના જીલ્લામાં સેકટર ઓફીસરો(ઝોનલ ઓફીસરો) અને રીઝર્વ સેકટર ઓફીસરો(ઝોનલ ઓફીસરો) ની નિમણુંક કરવા અંગેના હુકમો કરવામાં આવેલ છે.

આમુખ-૧ મુજબના ગૃહ વિભાગના જાહેરનામામાં ચુંટણી કામગીરી મુક્ત અને ન્યાયી રીતે થઈ શકે તે માટે નિયુકત નાયબ મામલતદાર/ સર્કલ ઓફીસર થી ઉતરતી કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંવર્ગના અન્ય ખાતાના વર્ગ ૩ થી નીચેના સંવર્ગના ના હોય તેવા ચુંટણી અધિકારી, મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓ તેમના ઝોનલ ઓફીસરોને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નીમીને તેમને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ અને ૧૬૩ના અધિકારો ચુંટણીની જાહેરાત થયા તારીખથી ચુંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે સુપ્રત કરવા આદેશ થયેલ છે. ઉપરોકત અધિકારીઓને આ અધિકારો સોપવાનો નિર્ણય લેવાની સત્તા સંબંધિત જીલ્લા મેજીસ્ટ્રેટને સુપ્રત કરવામાં આવેલ છે.

સબબ વંચાણે લીધેલ જાહેરનામાંથી મને મળેલ સત્તાની રૂએ હું ડો.સૌરભ પારધી (આઈ.એ.એસ.) જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત અત્રેના જીલ્લામાં નિયુકત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ સિવાયના મદદનીશ ચુંટણી અધિકારીઓ, વધારાના મદદનીશ ચુંટણી અધિકારીઓ તેમજ નિયુકત વર્ગ-૩ થી નીચેની સંવર્ગના ના હોય તેવા તમામ સેકટર ઓફીસર(ઝોનલ ઓફીસર) ઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ

ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરી તેઓની નિમણુંક જે ગ્રામપંચાયત મતદાર વિભાગ માટે થયેલ હોય તે મતદાર વિભાગની સીમા પુરતા ઉપરોકત અધિનિયમની કલમ- ૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ અને ૧૬૩ હેઠળના અધિકારો સુંદર હુકમની તારીખથી ચુંટણી પ્રક્રિયા પુર્ણ થયા સુધી સુપ્રત કરવા આથી હુકમ કરૂ છું.

આ હુકમથી આપવામાં આવેલ સ્પે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટના અધિકાર અન્વયે માત્ર ચુંટણીની કામગીરી માટે જ કાર્યવાહી કરી શકાશે અને આ હુકમથી મળેલ સત્તાનો અન્ય કોઈ દુરઉપયોગ કરી શકાશે નહી.

સુરત તા.૧૯/૦૬/૨૦૨૫

ડો. સૌરભ પારધી,
જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

જાહેરનામું

-:: ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ ડાયવર્ઝન અંગેનું ::-

નં.ડીસીબી/એમએજી-૧/જી.પી.એ./૨જી.નં.૭૩/વશી. ૮૧૯૬ થી ૮૨૭૧/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેરશ્રી વલસાડ (મા×મ) વિભાગ વલસાડ તરફથી તેઓના તા.૩૦/૦૪/૨૦૨૨ ના પત્ર નં.પીબી-૨/૯૩૨/૨૦૨૨ ની દરખાસ્ત અન્વયે અત્રેના જાહેરનામા નં.ડીસીબી/એમએજી /જી.પી.એ./ ૨જી.નં.૧૦૭/૨૦૨૨, તા.૧૬/૧૨/૨૦૨૨ અને તા.૧૮/૦૭/૨૦૨૪ તથા તા.૨૮/૦૩/૨૦૨૫ થી વાપી શહેરમાં આવેલ હયાત રેલ્વે ઓવરબ્રિજ - રેલ્વે ચે.૧૭૨/૧૬-૧૮ (ડી.એફ.સી.ચે.૧૩ + ૫૨૩.૨૮૯ કિ.મી.) ને તોડવાનો હોવાથી હયાત બ્રિજ પરના ટ્રાફીકને મોટા વાહનો બલીઠા ફાટક ઉપર થી તથા નાના વાહનો અન્ડર પાસ તથા રેલ્વે દ્વારા બનાવવામાં આવેલ નવા ફાટક, કબ્રસ્તાન રોડ, કસ્ટમ રોડ તરફ ડાયવર્ઝન આપવામાં આવેલ છે. સદરહું જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ સુધીની મુદત માટે બહાર પાડેલ છે. જે મુદત તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ પૂર્ણ થતી હોય કાર્યપાલક ઈજનેરશ્રી વલસાડ (મા×મ) વિભાગ વલસાડનાઓએ તા.૦૪/૦૬/૨૦૨૫ ના પત્ર નં.પીબી-૨/ ડાયવર્ઝન/૧૧૦૮/૨૦૨૫થી જાહેરનામાની મુદત લંબાવવા અત્રે દરખાસ્ત કરેલ છે.

રજુ થયેલ દરખાસ્ત જોતાં બ્રીજની કામગીરી પૂર્ણ થયેલ ન હોય અને કામગીરી પ્રગતિમાં હોય, વાહનોના ડાયવર્ઝન અંગેના જાહેરનામાની મુદત લંબાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩ ની પેટા કલમ -૧ (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ, કાર્યપાલક ઈજનેરશ્રી વલસાડ (મા×મ), વલસાડની તા.૦૪/૦૬/૨૦૨૫ના રોજની દરખાસ્ત ધ્યાને લઈ વાપીના હયાત રેલ્વે બ્રિજ પરથી આવતા/જતા તમામ પ્રકારના વાહનોને અવર-જવર માટે આગામી તા.૦૧/૦૭/૨૦૨૫ ના રાત્રીના ૦૦:૦૦ કલાકથી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફીક નિયમન અને કાયદો - વ્યવસ્થાને ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

-:: પ્રતિબંધિત માર્ગ ::-

વાપી શહેરમાં આવેલ વાપી- ચલાને જોડતો હયાત રેલ્વે ઓવરબ્રિજ(હાલ અન્ડર કન્સ્ટ્રક્શન) વાળો માર્ગ આવતા – જતા તમામ પ્રકારના વાહનો માટે આવન જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: ડાયવર્ઝન અંગેની વિગત ::-

(૧) તમામ પ્રકારના વાહનો એલ.સી.નં.૮૧ બલીઠા ફાટક ઉપરથી આવન - જાવન કરી શકશે. પરંતુ સવારના ૧૦ :૦૦ થી ૧૨ :૦૦ તથા સાંજે ૧૭ : ૦૦ થી ૨૦ : ૦૦ કલાક દરમ્યાન સ્કુલ બસ તથા એસ.ટી. બસ સિવાયના તમામ ભારે વાહનો માટે પ્રતિબંધીત રહેશે.

(૨) વાપી પૂર્વ - પ્રશ્ચિમ જવા તથા આવવા માટે નાના વાહનો (૩.૫ મીટરની ઉચાઈ સુધીન) રેલ્વે અન્ડર પાસ તથા રેલ્વે દ્વારા બનાવવામાં આવેલ નવા ફાટક એલ.સી - ૮૦, કબ્રસ્તાન રોડ, કસ્ટમ રોડ ઉપરથી આવન - જાવન કરી શકશે. તથા રેલ્વે અન્ડર પાસ (જુનું ગરનાળુ) માંથી માત્ર ટુ -વ્હીલર વાહનો આવન - જાવન કરી શકશે.

(૩) ને.હા. નં.૪૮ ઉપર મુંબઈ - દમણ જવા તથા આવવા માટે તમામ પ્રકારના વાહનો મોહનગામ ફાટક (એલ.સી.- ૭૭) તથા નાહુલી અન્ડર પાસ (એલ.સી. નં.૭૮) થી આવન - જાવન કરી શકશે.

(૪) ને.હા.નં.૪૮ ઉપર વલસાડ - સુરત - દમણ જવા તથા આવવા માટે તમામ પ્રકારના વાહનો મોતીવાડા ઓવરબ્રિજ (એલ.સી.નં.૮૮) થી

આવન - જાવન કરી શકશે.

ઉપરોક્ત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે આગામી તા.૦૧/૦૭/૨૦૨૫ ના રાત્રીના ૦૦:૦૦ કલાકથી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી રાત્રીના ૧૨ : ૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહિત) ના સમયગાળા માટે જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

આજ તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયેનું.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૭૭/વશી. ૮૫૧૭ થી ૮૫૭૬/૨૦૨૫.–પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, એકતાનગર-રાજપીપળા(ગુજરાત)ના તા.૧૧/૦૭/૨૦૨૫ તથા તા.૧૨/૦૭/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, નેશનલ હાઈવે નં.૫૬ પર આવેલ તાન નદી, માન નદી, પાર નદી, કોલક નદી તથા રાતા ખાડી પર આવેલ બ્રીજ ઘણાં જુના હોય ઉક્ત બ્રીજના સર્વે, ટેસ્ટીંગ તેમજ એક્ષપાન્શન જોઈન્ટની સમારકામની કામગીરી કરવાની હોય, તાન નદી પરનો આંબાતલાટ ગામ પાસેનો બ્રીજ તમામ પ્રકારના વાહનો માટે તથા માન નદી, કોલક નદી તથા રાતા ખાડી પર આવેલ બ્રીજને ભારે વાહનો માટે બંધ કરી ડાયવર્ઝન આપવા વિનંતી કરેલ છે. તેમજ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) વલસાડએ તેઓના તા.૧૧/૦૭/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ કસ્ટમ હાઉસ થી લીલાપોર જકંશન રોડ ઉપર ઔરંગા નદી ઉપર આવેલ હયાત બ્રીજ ભારે તેમજ હળવા વાહનો માટે બંધ કરી ફક્ત ટુ-વ્હીલર વાહનો માટે જ ખુલ્લો રાખી ડાયવર્ઝન આપવા જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત ધ્યાને લેતા ઉપરોક્ત તમામ બ્રીજ જુનાં હોય, કોઈ દુર્ઘટના ન સર્જાય તથા આમ જનતાના જાન-માલને કોઈ નુકશાન ન થાય અને ટ્રાફિક નિયમન તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તકેદારીના ભાગરૂપે આ હુકમની તારીખથી અન્ય હુકમ ન થાય ત્યાં સુધીના સમય માટે તાન નદી, માન નદી, કોલક નદી તથા રાતા ખાડી પર તથા ઔરંગા નદી પર લીલાપોર ખાતે આવેલ બ્રીજ ઉપર વાહન-વ્યવહાર નિયંત્રિત કરી ડાયવર્ઝન આપવા અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) થી મને મળેલ સત્તાની રૂએ આ હુકમની તારીખથી અન્ય હુકમ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે વલસાડ જિલ્લાના નીચે જણાવ્યા મુજબના માર્ગ(બ્રીજ) નો વાહન-વ્યવહાર નિયંત્રિત કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ(ડાયવર્ઝન રૂટ) પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂ છું.

ક્રમ	પ્રતિબંધિત માર્ગ/બ્રીજની વિગત	વાહનનો પ્રકાર	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	તાન નદી પર આવેલ બ્રિજ (ગામ-આંબાતલાટ) લોકેશન નં.૬૬૭/૮૦૦	તમામ પ્રકારના વાહનો	(૧) વાંસદા થી વાપી તેમજ વાપી થી વાંસદા તરફ આવતા-જતાં તમામ પ્રકારના વાહનો વાંસદા-ચીખલી-વાપી થઈ આવન-જાવન કરી શકશે. અથવા વાંસદા થી વાપી તેમજ વાપી થી વાંસદા તરફ આવતા-જતાં તમામ પ્રકારના વાહનો વાંસદા-પીપલખેડ-ખેરગામ-ગુંદલાવ-વાપી થઈ આવન-જાવન કરી શકશે. (૨) વાંસદા થી કપરાડા તેમજ કપરાડા થી વાંસદા તરફ આવતા-જતાં તમામ પ્રકારના વાહનો વાંસદા-ચીખલી-કિલ્લાપારડી-નાનાપોંઢા-કપરાડા થઈ આવન-જાવન કરી શકશે. અથવા વાંસદા થી કપરાડા તેમજ કપરાડા થી વાંસદા તરફ આવતા-જતાં તમામ પ્રકારના વાહનો વાંસદા-પીપલખેડ-ખેરગામ-ગુંદલાવ-કિલ્લાપારડી-નાનાપોંઢા-કપરાડા થઈ આવન-જાવન કરી શકશે. (૩) પીપલખેડ થી કરંજવેરી તરફ જતા કાર, ટુ-વ્હીલર, LCV જેવા હળવા વાહનો પીપલખેડથી કરંજવેરી તરફ જઈ શકશે. (૪) કરંજવેરી થી પીપલખેડ તરફ જતા કાર, ટુ-વ્હીલર, LCV જેવા હળવા વાહનો કરંજવેરી-પાણીખડકથી પીપલખેડ તરફ જઈ શકશે.

૨	માન નદી પર આવેલ બ્રિજ (ગામ-કરંજવેરી) લોકેશન નં.૬૭૩/૩૦૦	ભારે વાહનો	(૧) વાંસદા થી ધરમપુર તેમજ ધરમપુર થી વાંસદા તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો વાંસદા-ચીખલી-ધરમપુર થઈ આવન-જાવન કરી શકશે. અથવા વાંસદા થી ધરમપુર તેમજ ધરમપુર થી વાંસદા તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો વાંસદા-પીપલખેડ-ખેરગામ-ગુંદલાવ-વલસાડધરમપુર થઈ આવન-જાવન કરી શકશે. (૨) પીપલખેડ થી નાસિક તેમજ નાસિક થી પીપલખેડ તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો પીપલખેડ-ખેરગામ-ગુંદલાવ-કિલ્લાપારડી-નાનાપોંઢા-કપરાડા-નાસિક થઈ આવન-જાવન કરી શકશે. અથવા પીપલખેડ થી નાસિક તેમજ નાસિક થી પીપલખેડ તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો પીપલખેડ-વાંસદા-નાસિક થઈ આવન-જાવન કરી શકશે. (૩) ધરમપુર થી પીપલખેડ તરફ જતા કાર, ટુ-વ્હીલર, LCV જેવા હળવા વાહનો ધરમપુર-ખેરગામ થઈ પીપલખેડ જઈ શકશે. (૪) કપરાડા થી વાંસદા તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો કપરાડા-નાનાપોંઢા-કિલ્લાપારડી-ચીખલી-વાંસદા આવન-જાવન કરી શકશે. અથવા કપરાડા થી વાંસદા તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો કપરાડા-નાનાપોંઢા-કિલ્લાપારડી-ગુંદલાવ-ખેરગામ-પીપલખેડ-વાંસદા આવન-જાવન કરી શકશે.
૩	કોલક નદી પર આવેલ બ્રિજ (ગામ-નાનાપોંઢા-બાલચોંઢી) લોકેશન નં.૬૯૩/૬૦૦	ભારે વાહનો	કપરાડા થી વાપી તેમજ વાપી થી કપરાડા તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો કપરાડા-નાનાપોંઢા-કિલ્લાપારડી-વાપી થઈ આવન-જાવન કરી શકશે.
૪	રાતા ખાડી પર આવેલ બ્રિજ (ગામ-કરવડ) લોકેશન નં.૭૧૦/૧૫૦	ભારે વાહનો	(૧) વાંસદા થી વાપી તેમજ વાપી થી વાંસદા તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો વાંસદા-ચીખલી-વાપી થઈ આવન-જાવન કરી શકશે. અથવા વાંસદા થી વાપી તેમજ વાપી થી વાંસદા તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો વાંસદા-પીપલખેડ-ખેરગામ-ગુંદલાવ-વાપી થઈ આવન-જાવન કરી શકશે. (૨) વાપી થી નાનાપોંઢા તેમજ નાનાપોંઢા થી વાપી તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો વાપી-કિલ્લાપારડી- નાનાપોંઢા થઈ આવન-જાવન કરી શકશે. (૩) વાપી થી કપરાડા તેમજ કપરાડા થી વાપી તરફ આવતા-જતાં ભારે કોમર્શીયલ વાહનો વાપી-કિલ્લાપારડી- નાનાપોંઢા-કપરાડા થઈ આવન-જાવન કરી શકશે.
૫	કસ્ટમ હાઉસ થી લીલાપોર જકંશન રોડ ઉપર આવેલ ઔરંગા નદી ઉપર આવેલ હયાત બ્રીજ (ભારે વાહનો માટે અગાઉ થી પ્રતિબંધિત છે.)	તમામ પ્રકારના વાહનો (ફક્ત ટુ-વ્હીલર વાહનો જ અવર-જવર કરી શકશે.)	લીલાપોરથી વલસાડ તરફ આવતા-જતા તમામ પ્રકારના વાહનો લીલાપોર કોસ્ટલ હાઈ-વે જકંશન થઈને આવન-જાવન કરી શકશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, એકતાનગર-રાજપીપળા(ગુજરાત)નાઓએ નિયમોનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સબંધિત વિભાગની રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારમાં જાહેર પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ:૧૨/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-

નં.ડીસીબી/એમએજી-૧/શ્રમિક-કામ.પો.વેરી/૨જી.૭૮/વશી.૮૫૭૯ થી ૮૬૩૮/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૭/૦૭/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લામાં કામ કરતા મકાન બાંધકામના બિલ્ડરો, ઔદ્યોગિક એકમોના લેબર કોન્ટ્રાક્ટરો મજુરી કામ અને રોડ તથા ટેલીફોન કંપનીઓમાં તેમજ ગેસ લાઈન અને લગ્ન મંડપનું કામ કરતા તથા અન્ય ઘણા બધા મોટા કન્સ્ટ્રકશન તથા વધારે મજુરો કામ કરતા હોય તેવી જગ્યાઓ, માર્કેટો, ધંધાના એકમો, દુકાનો, ઓફીસો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પરપ્રાંતીય કોન્ટ્રાક્ટરોના કર્મચારી/કારીગરો/મજુરો અંગેની વિગતો/બાયોડેટા તેઓના માલિકો દવારા સચોટ અને પુરતી માહિતી પોલીસને સમયસર પુરી પાડવામાં આવતી નથી. આવા વર્કરો અન્ય રાજયો જિલ્લાઓમાં ગુનાહિત કૃત્ય કરીને અંત્રેના જિલ્લા ખાતે આવી વિવિધ જગ્યાએ કામ અર્થે આવી વસેલ હોય છે. જે અંગે તેઓનાં માલિકો/ઠેકેદારોને માહિતી હોતી નથી. તેમજ આવા વર્કરો અત્રેના જિલ્લા ખાતે બેરોકટોક વસવાટ કરી ગુનાહિત કૃત્ય કરી નાસી જાય ત્યારે તેઓના માલિક/ઠેકેદારો પાસે પુરતી માહિતી ન હોવાના કારણે પોલીસ તેઓ સુધી પહોંચી શકતી નથી અને આવી વ્યક્તિઓ નકસલી, આતંકવાદી વિગેરે જેવી રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય અથવા સંકળાવાની હોય તેવી સંભાવના નકારી શકાય નહી જેથી તમામ બિલ્ડરો/કોન્ટ્રાક્ટરો/ઔદ્યોગિક એકમો/હોટલો વિગેરે તમામે પોતાને ત્યાં મજુરીએ અથવા નોકરીએ રાખેલ તમામ કર્મચારી/મજુરોની તેઓના મુળ વતન તથા હાલના સરનામાં તથા આઈડી પ્રુફ/અગાઉનો ગુનાહિત ઈતિહાસ/હાલના ફોટોગ્રાફ સહિતની માહિતી નીચે મુજબના નિયત પ્રફોમામાં નજીકના પોલીસ સ્ટેશનમાં પુરી પાડવા તથા તેઓ દ્વારા નોકરીએ રાખવામાં આવનાર કર્મચારી ભારતીય નાગરીક છે કે કેમ? તેની ખાત્રી કરી નોકરીએ રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં મજુરી/નોકરી અર્થે આવતા પરપ્રાંતીય કારીગરો/મજુરોના મુળ વતન તથા હાલના સરનામાં સહિતની તમામ માહિતી એકત્ર કરવા માટે જરૂરી આદેશ કરવો જરૂરી જાણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

અત્રેના જિલ્લામાં તમામ મકાન બાંધકામના બિલ્ડરો, ઔદ્યોગિક એકમોના લેબર કોન્ટ્રાક્ટરો મજુરી કામ અને રોડ તથા ટેલીફોન કંપનીઓમાં તેમજ ગેસ લાઈન અને લગ્ન મંડપનું કામ કરતા તથા અન્ય ઘણા બધા મોટા કન્સ્ટ્રકશન તથા વધારે મજુર કામ કરતા હોય તેવી જગ્યાઓ, માર્કેટો, ધંધાના એકમો, દુકાનો, ઓફીસો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પરપ્રાંતીય કોન્ટ્રાક્ટરોના કર્મચારી/કારીગરો/મજુરોની નીચે જણાવેલ "પત્રક-એ"ના કોલમનં.૧ થી ૧૪ મુજબની માહિતી સંબંધિત એકમોના માલિકોએ તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૧૫ માં આપવાની રહેશે. તેમજ નોંધણી થયેલ તમામ કર્મચારી/કારીગરો/મજુરોની ઉપરોક્ત માહિતી અંગેનું નોંધણી નંબર સહિતનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને જયારે પણ પોલીસ વિભાગ દ્વારા સદર બાબતેની માહિતી ચકાસણી કરવા સારૂ માંગવામાં આવે ત્યારે માહિતી પુરી પાડવાની રહેશે. તેમજ એકમોના માલિકોએ નોકરીએ રાખવામાં આવનાર તમામ કર્મચારી/કારીગરો/મજુરો ભારતીય નાગરીક છે કે કેમ? તેની ખાત્રી કરી નોકરીએ રાખવાના રહેશે.

પત્રક-એ

અ.નં.	માલિકનું નામ, સરનામુ તથા ધંધાની વિગત ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	કર્મચારીઓ કારીગરો મજુરનુ પુરૂ નામ, ઓળખ, ઓળખચિન્હ, હાલનું સરનામુ, મોબાઈલ નંબર	કર્મચારી કારીગર મજુરના વતનનું સરનામુ મોબાઈલ નંબર	કર્મચારી કારીગર મજુરના વતનના પોલીસ સ્ટેશનનું નામ તથા સરનામુ	કર્મચારી કારીગર મજુર અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલિકનું નામ સરનામુ મોબાઈલ નંબર	કર્મચારીઓ કારીગરો મજુરને કોના રેફરન્સ /પરિચય થી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું નામ સરનામુ મોબાઈલ નંબર	કર્મચારી કારીગર મજુરના બે થી ત્રણ સગા સબંધીઓના પુરા નામ સરનામા મોબાઈલ નંબર વતન સહીતના
૧	૨	૩	૪	૫	૬	૭	૮

કર્મચારી કારીગર મજુરનો ફોટોગ્રાફસ	ભારતીય નાગરીકતા ચકાસણી દસ્તાવેજ	આધારકાર્ડની માહીતી તથા નકલ	પાનકાર્ડની માહીતી તથા નકલ	ચૂંટણી કાર્ડની માહીતી તથા નકલ	ગુનાહીત ઈતિહાસની માહીતી
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪

આ બાબતે સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ જણાઈ આવે તો તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે.

-: અમલવારીનો સમયગાળો :-

આ હુકમ તા.૧૫/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૯/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

-:મુક્તિ:-

વલસાડ જિલ્લામાં આવેલ સરકારી કચેરી/અર્ધસરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાં માંથી મુક્તિ આપવામાં આવે છે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડયો.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-

નં.ડીસીબી/એમએજી-૧/Pathik જાહેરનામું/૨જી.૮૧/વશી.૮૭૯૪ થી ૮૮૫૬/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૭/૦૭/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લાની હદને અડીને મહારાષ્ટ્ર રાજ્ય, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ આવેલ છે અને જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થાય છે. વલસાડ જિલ્લા, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે પ્રવાસન સ્થળો તથા નાના-મોટા ઔધોગીક એકમો આવેલા છે. જેના કારણે વલસાડ જિલ્લામાં દેશ-વિદેશ તથા રાજ્ય બહાર અને ગુજરાત રાજ્યના લોકો પ્રવાસ કે કામધંધા અર્થે આવે ત્યારે વલસાડ જિલ્લામાં શહેર કે હાઈવે રોડ ઉપર આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, લોજ જેવા ભાડુ લઈ રોકાણની સુવિધા પુરી પાડતા એકમમાં રોકાણ કરતા હોય છે. જેમાં ગુન્હાહિત અને ભાંગફોડીયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃત્તિ આચરવા માટે હોટલ/ગેસ્ટ હાઉસમાં ખોટા કે બીજી વ્યક્તિના નામના ઓળખના પુરાવા, મોબાઈલ નંબર આધારે રોકાણ કરી ગુન્હાહિત પ્રવૃત્તિ આચરી નાસી જઈ જાહેર સલામતી, શાંતી અને મિલ્કતને નુકશાન પહોંચાડતા હોવાનું અને હોટલ/ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં અધુરી અને અનિયમિત નોંધ, સી.સી.ટી.વીની વ્યવસ્થા અને રેકોર્ડીંગ, ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબરનું વેરીફીકેશન અને પથિક સોફ્ટવેરમાં અનિયમિત એન્ટ્રી થતી હોવાનું જાણવા મળેલ છે. અમુક એકમોમાં મોટે ભાગે વિદેશી નાગરીકો તેમજ આંતર રાજયના નાગરીકો તથા રાજયના વિવિધ જિલ્લાઓના નાગરીકો, વેપારીઓ, ટેકનિશ્યનો વિવિધ કામકાજ અર્થે આવતા જતા હોય છે અને તેઓ ટૂંકા સમય માટે હોટલોમાં રોકતા હોય છે. ભુતકાળમાં બનેલ બનાવોની તપાસ દરમિયાન બહાર આવેલ હકીકતો મુજબ કેટલીકવાર ઉપરોકત જણાવ્યા મુજબના નાગરીકો, વેપારીઓની આડમાં આતંકવાદી, ત્રાસવાદી પ્રવૃતિ કરવા રોકાણ કરી આજુબાજુના વિસ્તારોમાં શહેરની ભીડભાડ વાળી જગ્યા, મોટી હોસ્પિટલો ઔધૌગિક એકમો, સરકારી કચેરીઓ, અતિ સંવેદનશીલ જગ્યાઓ વિગેરેની રેકી કરી આંતકવાદી પ્રવૃતિ, અસામાજીક પ્રવૃતિ, ચોરી, લુંટફાટની પ્રવૃતિને અંજામ આપતા હોય છે અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ શાંતિ અને સલામતી ડહોળવાના પ્રયાસો કરે તેવી શક્યતા નકારી શકાય નહિ.

અમુક ઔધોગિક વિસ્તાર આસપાસની હોટલોમાં ઈમોરોલ ટ્રાફીકીંગની પ્રવૃતિ પણ ઉપર જણાવ્યા મુજબ વેપાર ધંધાની આડમાં તેમજ સ્પા, મસાજની આડમાં થતી હોવાના કિસ્સાઓ રાજયમાં ભુતકાળમાં બનવા પામેલ છે. જેથી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની તેમજ શાંતી અને સલામતિની વ્યવસ્થા જાળવી રાખવા સારૂ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ઉપર નિયંત્રણો મુકવા ખુબ જરૂર જણાય છે. આ માટે ગુજરાત પોલીસ દ્વારા "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે સોફ્ટવેર હાલ સફળતા પૂર્વક કાર્યરત છે. આ સોફ્ટવેરમાં ઓનલાઈન હોટલ, લોજ વિગેરેમાં આવતા મુસાફરોની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહે છે. આ સોફ્ટવેર અત્રેના જિલ્લા ખાતે હાલ કાર્યરત છે અને તેનું નિયંત્રણ સ્પેશ્યલ ઓપરેશન ગૃપ વલસાડ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેથી જિલ્લાની તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા, કોર્પોરેટ હાઉસ કે જેઓ મુસાફરો, વેપારીઓ વિગેરેને ટુકો આશરો આપે છે એ તમામે આ સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહે છે. જેને માટે પ્રથમ તેઓએ એસ.ઓ.જી. શાખા વલસાડ/વાપી ખાતેની કચેરીએ જઈ તેઓની હોટલ /એકમ આ સોફ્ટવેરમાં રજીસ્ટર કરાવવાનું રહેશે અને તેઓના યુઝર આઈ.ડી. પાસવર્ડ મેળવવાના રહેશે ત્યારબાદ જ તેઓ આ સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરી શકશે. જેથી ઉપરોક્ત સુચના મુજબ અગમચેતીના પગલાં રૂપે સાવચેતી તથા તકેદારીના પગલાં લેવાના હેતુસર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના સંચાલકોએ પથિક સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરવા માટે નીચે જણાવ્યા મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરાવવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ અને પ્રવાસીઓને રહેવાની સગવડ પુરી પાડતી તમામ સ્થાનિક હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ના સંચાલકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) ઈન્સ્ટોલ કરવાની રહેશે તેમજ તે મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ આ "PATHIK" એપમાં ફરજીયાતપણે ઓનલાઈન કરવાની રહેશે.

આ હુકમ તા.22/07/2025 થી તા.22/09/2025 (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા :-

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:22/07/2025 ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-

નં.ડીસીબી/એમએજી-૧/સ્થળ-જગ્યા ભાડે/રજી.૮૨/વશી.૮૮૫૭ થી ૮૯૨૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૭/૦૭/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા જિલ્લાને અડીને આવેલ મહારાષ્ટ્ર રાજ્ય તથા કેન્દ્રશાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસમાં નાના-મોટા ઔધોગિક એકમ તથા પ્રવાસન ક્ષેત્ર વિકાસ પામેલ છે. તેની સાથે ટ્રાન્સપોર્ટ, વાહન વ્યવહાર તથા નાના-મોટા ધંધાઓ ખુબ જ મોટી સંખ્યામાં છે. આ ઔધોગિક એકમ, ટ્રાન્સપોર્ટ, હોટલ-રેસ્ટોરન્ટ, નાના-મોટા ધંધા અન્ય રોજગાર-વ્યવસાય, ભંગાર અને માલના ગોડાઉન વિગેરે જગ્યાએ મોટાભાગે પરપ્રાંતીય લોકો કામ કરે છે. આ તમામ પરપ્રાંતીય લોકો ઔધિગિક વિસ્તાર તથા રહેણાંક સોસાયટી તથા સ્લમ/ચાલી વિસ્તારમાં ભાડેથી વસવાટ કરે છે. જે પૈકી ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃતિને અંજામ આપી જિલ્લા/રાજ્ય બહાર નાસી જતા હોય છે. અને પોલીસની તપાસ દરમ્યાન તેના રહેણાંકની જગ્યાએ તપાસ કરતા રૂમ/મકાનના માલિક દ્વારા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા ભાડા કરાર કરવામાં આવેલ હોતા નથી કે જે-તે રૂમ/મકાન ભાડા કરાર એક જ વ્યકિત સાથે કરવામાં આવેલ છે. પરંતુ તેની સાથે રહેતા અન્ય મહિલા/પુરૂષના નામ-સરનામા, આધાર પુરાવા કે ફોટોગ્રાફસ કે મોબાઈલ નંબર વિગેરેની માહિતી મેળવવામાં આવતા નથી. જેના કારણે ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ થઈ શકતી નથી ખોટા અથવા બીજા વ્યક્તિના આધાર પુરાવા આધારે વસવાટ કરતા હોય જે-તે વ્યકિતની ઓળખ કે ધરપકડ થઈ શકતી નથી. વલસાડ જિલ્લાના ખાસ કરીને સગીર વયની છોકરીના અપહરણ/ભગાડી જવા કે સગીર બાળકો સાથે જાતીય અપરાધના બનાવમાં જિલ્લા/રાજ્ય બહારના વ્યક્તિઓની સંડોવણી જણાઈ આવતી હોય જેના કારણે મહિલા/બાળકો સાથે બનતા બનાવો તથા વ્યક્તિઓની ઓળખ પ્રસ્થાપિત કરી ગુનાઓ અટકાવવા અને ગુનાઓ શોધવા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા લીધા વગર રૂમ, મકાન, ચાલી, દુકાન, ગોડાઉન તથા રહેણાંક તરીકે ઉપયોગમાં લેવામાં આવતા દરેક સ્થળ/જગ્યા ભાડેથી આપતા હોય છે. જેથી આવી રીતે ભાડેથી રહેણાંકની સુવિધા પુરી પાડતા જગ્યા/મકાનના માલિક ઉપર નિયંત્રણો લાવવા જરૂરી છે. આ માટે રહેણાંક/ધંધા માટે ભાડેથી જગ્યા/મકાન પુરી પાડતા વ્યકિત/સંસ્થા નીચે મુજબની અમલવારી કરે તે સારૂ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે. ઉપરોક્ત દરખાસ્ત ધ્યાને લેતા લોકોના જાન-માલની સુરક્ષા તથા ગુન્હાહિત પ્રવૃતિને અંકુશમાં રાખવા માટે ભાડેથી મકાન, ધંધાના એકમો, દુકાન, ઓફિસો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો નીચે જણાવેલ માહિતી તૈયાર કરી સંબધિત પોલીસ સ્ટેશને આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૨૦માં આપવાની રહેશે.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધિગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન/દુકાન/ઓફિસ/ઔધિગિક એકમ ભાડે આપી શકાશે નહીં. હવે પછીથી ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓને ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૨૦ માં આપવાની રહેશે.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતના, તથા તેની સાથે ધંધામાં સંકળાયેલ તથા વાસવાટ કરતા દરેક વ્યક્તિના ફોટા, આઈ-ડી પ્રુફ મેળવવા અને નોટરરાઈઝ ભાડા કરાર કરવો તથા ભાડા કરારમાં ભાડેથી લેનારના સાક્ષીના પણ ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબર મેળવવા.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા ધંધા કરતા તથા રહેતા દરેક વ્યકિત કઈ કંપની, દુકાન, ફેકટરી, ગોડાઉન, ધંધાકીય સ્થળમાં કામ કરે છે તેનુ પુરેપુરૂ નામ-સરનામું, નંબર મેળવવા તથા વેરીફાય કરવું.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા દરેક વ્યકિતના મુળ વતનનું નામ-સરનામું તથા વતનના સ્થાનિક પોલીસ સ્ટેશનનું નામ-મોબાઈલ નંબર મેળવવા.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં જગ્યા/મકાન ભાડે આપનાર માલિક નોટરરાઈઝ ભાડા કરાર બનાવી જરૂરી આધાર પુરાવા મેળવી નમુનાનુ ફોર્મ તથા ભાડા કરારની સર્ટીફાઈડ નકલ આ સાથે સ્થાનિક પો.સ્ટેમાં જાણ કરવી.

૭. ઉપરોક્ત વિગતો નિયત સમયમાં પોલીસ સ્ટેશનએ જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે અને તપાસણી માટે અધિકૃત કરેલ અધિકારી માગે ત્યારે તે પહોંચ રજુ કરવાની રહેશે.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતની કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાઈ આવ્યેથી તાત્કાલિક સ્થાનિક પોલીસ અને જિલ્લા પોલીસ વિભાગને જાણ કરવાની રહેશે.

આ હુકમ તા.22/07/2025 થી તા.22/09/2025 (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડયો.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-

નં.ડીસીબી/એમએજી/CCTV જાહેરનામું/રજી.૮૩/વશી.૮૯૨૩ થી ૮૯૮૯/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૭/૦૭/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમીકલ્સ, ગારમેન્ટ, પ્લાસ્ટીક, ફાર્માસ્યુટીકલ, પેપર, જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમ આવેલ છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામેલ છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતિય લોકો ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. ભુતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્વારા બનેલ મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે. આ તમામ પ્રકારના મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમ્યાન સ્થાનીક પોલીસ, લોકલ ક્રાઇમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્વારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યકિત કે સંસ્થા ધ્વારા લગાડવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યકિતના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડી આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવેલ છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે.

તદઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા ટ્રાફીક નિયમન અને રોડ અકસ્માત સબંધી ગુનાઓ શોધવામાં ખુબ જ મદદરૂપ થાય છે તથા રહેણાંક વિસ્તાર, સોસાયટી, બિલ્ડીંગ, શાળા કોલેજ અને શૈક્ષણિક સંસ્થા વિગેરેમાં સીનીયર સીટીઝન, મહિલા, બાળકો અને વિધાર્થીઓ અને લોકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. ખુબ જ ઉપયોગી થઈ શકે તેમ છે તેમજ જુદી-જુદી બેન્ક, નાણાંકીય સંસ્થા, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, ફુડ ઝોન, કોમર્શિયલ બિલ્ડીંગ, શોપિંગ મોલ, શૈક્ષણિક સંસ્થાઓ, જવેલરી શોપ, શો-રૂમ, પાર્કિગ પ્લોટ, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, ખાનગી મનોરંજનના સ્થળ વિગેરે સી.સી.ટી.વી. કેમેરા દ્વારા લોકોના માલ મિલ્કત ઉપર દેખરેખ રાખી નુકશાન થતુ અટકાવી શકાય તેમજ ગુન્હા હિત પ્રવૃતિ ઉપર વોચ રાખી શકાય. આમ વલસાડ જિલ્લામાં લોકોના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બને તેમજ ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનાઓ શોધવા માટે સી.સી.ટી.વી. કેમેરા ખુબ જ ઉપયોગી છે. જેથી નીચે જણાવેલ જગ્યા ઉપર જરૂરીયાત મુજબ એન્ટ્રી, એકઝીટ, આવવા-જવાના રસ્તા, પાર્કિગ, મકાન/બિલ્ડીંગના આગળ-પાછળ અને બંને સાઈડ તરફ મુખ્ય રોડ રસ્તા કવર કરે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

આમ, જિલ્લામાં બનતા ઉપરોક્ત જણાવેલ મિલ્કત/શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પ્રિમાઈસીસ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે આથી હુકમ કરૂં છું.

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી સંસ્થાઓ.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સ ઓફીસ/પેઢી.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સ પોર્ટ ઓફીસ, કુરીયર ઓફીસ.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ વાહનના શો-રૂમ, જવેલરી શોપ, મોબાઈલ શોપ, ઈલેકટ્રોનીકસ શો-રૂમ.

૭. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોસ્પીટલ, લેબોરેટરીઝ, દવાખાના, મેડીકલ સ્ટોર.

૯. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ.

૧૦. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હાઈરાઈઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, ક્લબ હાઉસ.

૧૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઔધોગીક એકમો.

૧૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલ ખાનગી પે એન્ડ પાર્કિગ સ્થળો.

૧૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ.

આ હુકમ તા.22/07/2025 થી તા.22/09/2025 (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ના મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખઃ૨૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ભવ્ય વર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

// **વાંચ્યા** //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.પીબી/૧૩૪૫/૨૦૨૫, તારીખ: ૧૧/૦૭/૨૦૨૫

// **જાહેરનામું** //

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળનું.

નં.એમએજી/વશી/૧૩૯૧/૨૦૨૫.—વંચાણ-૧ થી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના આદેશ અનુસાર રાજ્યના તમામ બ્રિજની સ્થળ મુલાકાત કરી અહેવાલ સાદર કરવા જણાવેલ છે. જે બાબતે તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, આલેખન વર્તુળ, ગાંધીનગરના પ્રતિનિધિશ્રી તથા કન્સલ્ટન્ટશ્રી મે.પંકજ એમ.પટેલ તેમજ કાર્યપાલક ઈજનેશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની કચેરીના સ્ટાફ દ્વારા સદર ઓરસંગ બ્રિજની સંયુક્ત સ્થળ મુલાકાત કરવામાં આવેલ હતી. સદર બ્રિજ અંદાજે ૫૧ વર્ષ (બાંધકામ વર્ષ-૧૯૭૪) જુનો હોવાનું જણાવેલ છે. તેમજ બેલેન્સડ કેન્ટીલીવર આર્ચ ટાઈપનો છે. સદર બ્રિજના ૧૩ ગાળા (એક ગાળાની લંબાઈ-૩૬.૫૮ મીટર છે) આમ કુલ-૪૭૫.૫૪ મીટર લંબાઈનો બ્રિજ છે. સદર બ્રિજનું ફાઉન્ડેશન વેલ ફાઉન્ડેશન પ્રકારનું છે. છેલ્લા ઘણા વર્ષોથી સદર બ્રિજની આજુબાજુ થી રેતી ખનન થવાના કારણે સદર બ્રિજના વેલ ફાઉન્ડેશન અંદાજે ૨૪ ફુટ (અંદાજે ૮ મીટર) ખુલ્લા થઈ ગયેલ છે. રેતી ખનન થવાના કારણે સદર વેલ ફાઉન્ડેશનનો આજુબાજુનો સપોર્ટ ધોવાણ થયેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ). છોટાઉદેપુરની કચેરી

દ્વારા વેલ ફાઉન્ડેશન ધોવાણથી ગેબિયન વોલ પિચિંગની કામગીરી કરવામાં આવેલ છે. પરંતુ ઉપરવાસમાં વર્ષ-૨૦૨૪ અને જુન-૨૦૨૫ દરમિયાન થયેલ ભારે વરસાદના કારણે નદીના પાણીની આવકના કારણે ગેબિયન વોલ પિચિંગનું ધોવાણ થયેલ છે.

વધુમાં, તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ થયેલ આલેખન વર્તુળના પ્રતિનિધિ તેમજ કન્સલ્ટન્ટશ્રીના જણાવ્યા મુજબ, ભવિષ્યમાં ભારે વરસાદના સમયે સદર વેલ ફાઉન્ડેશન સેટલમેન્ટ થવાની સંભાવના રહેલ છે. તથા ચાલુ ટ્રાફિક હોવાના કારણે જાનહાની થવાની શક્યાતાઓ રહેલ છે. જેથી પુલ પર ભારે કોમર્શિયલ વાહનોને પ્રતિબંધિત કરીને માત્ર ટૂ-વ્હિલર, કાર અને લાઈટ કોમર્શિયલ વાહનોને પસાર થવા દેવાની ભલામણ કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની ભલામણ અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ સંખેડા-ભાટપુર-વાસણા રોડ કી.મી. ૨/૮૦૦ થી ૨૯/૪૦૦ (ઓરસંગ બ્રિજ ચેઈનેજ ૩/૦ થી ૪/૦) પર ભારે કોમર્શિયલ વાહનો માટે નીચે મુજબ ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ

૧. સંખેડા થી ડભોઈ-વડોદરા તરફ જતા ભારે કોમર્શિયલ વાહનો સંખેડા થી હાંડોદ ચોકડી થઈ રતનપર રોડ થઈ કરનેટ રોડ થઈ કરનેટ બ્રિજ થઈ બોરીયાદ થઈ ડભોઈ-વડોદરા જઈ શકાશે.

૨. સંખેડા થી છોટાઉદેપુર તરફ જતા ભારે કોમર્શિયલ વાહનો સંખેડા થી માંકણી થઈ મોડાસર ચોકડી થઈ છોટાઉદેપુર જઈ શકાશે.

૩. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમન પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

૪. સંખેડા-બહાદરપુર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪×૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ ના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને સંખેડા-બહાદરપુર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું તા.૧૩/૦૭/૨૦૨૫ થી તા.૧૧/૦૮/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

// શિક્ષા //

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ, કાર્યપાલક ઈજનેરશ્રી (સ્ટેટ) તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (સ્ટેટ) સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૯ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૩/૦૭/૨૫ મુજબ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુરના પત્ર જા.નં./જિ.પં/બાંધકામ/વશી/પીબી/૧૦૨૩-૨૪/૨૦૨૫, તારીખ:૧૪/૦૭/૨૦૨૫

// જાહેરનામું //

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળનું.

નં.એમએજી/વશી/૧૩૯૫/૨૦૨૫.–વંચાણ-૧ થી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુરની પેટા વિભાગીય કચેરી, જેતપુરપાવી હસ્તકના જેતપુર કદવાલ રોડ સેકશન લંબાઈ ૧૦/૦૦ થી ૨૫/૪૦૦ કિ.મી. અન્ય જિલ્લા માર્ગ કક્ષાનો રસ્તો છે. સદરહું રસ્તાની ચેઈનેજ ૧૦/૬૦૦ થી ૧૦/૮૦૦ કિ.મી. ભારજ નદી પર સને ૧૯૭૦ માં (અંદાજિત ૫૪ વર્ષ જુનો) બાંધકામ થયેલ ૨૬૯.૦૦ ગી. લંબાઈનો (૨૪:૪૦ મી. ના ૧૧ ગાળાનો) મેજર બ્રિજ આવેલ છે.

સદરહું બ્રિજના સર્વે રીપોર્ટ મુજબ બ્રિજના સુપર સ્ટ્રકચરમાં ગર્ડર તેમજ કેન્ટીલીવર સ્લેબના સળિયા બહાર દેખાઈ આવેલ છે. તેમજ સળિયામાં કાટ લાગેલ છે તથા બ્રિજના ફાઉન્ડેશનમાં કોઈ ક્ષતિ જણાઈ આવેલ નથી. માત્ર સ્લેબ અને ગર્ડરમાં નુકશાન જણાયેલ છે.

સદરહું બ્રિજની નજીકના વિસ્તારમાં ગ્રેનાઈટની ખાણો આવેલ હોવાથી દરરોજના અંદાજીત ૮૦ થી ૧૦૦ ટનના ભારે વાહનોની અવર-જવર થાય છે તેમજ સદરહું બ્રિજની બાજુમાં ઓરસંગ અને ભારજ નદીમાં રેતીની લીઝો આવેલ હોવાથી રેતી ભરેલા ભારે વાહનો પસાર થતાં હોવાથી ભવિષ્યની અસર ધ્યાને લેતા બ્રિજને "ભારે વાહનો (૨૦ ટન થી વધારે વજન તેમજ ૨-એક્સેલથી વધારે એક્સેલ વાળા વાહનો) માટે બંધ કરવા ભલામણ કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુરની ભલામણ અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ જેતપુર-કદવાલ બ્રિજ (ચેઈનેજ ૧૦/૬૦૦ થી ૧૦/૮૦૦ કિ.મી.) પર ભારે વાહનો (૨૦ ટન થી વધારે વજન તેમજ ૨-એક્સેલથી વધારે એકસેલ વાળા વાહનો) માટે આથી નીચે મુજબ ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧. ડુંગરવાંટ થી બોડેલી તરફ જવા માટે ડુંગરવાંટ-જાબુંઘોડા રોડ પર થઈ બોડેલી જઈ શકાશે. (લંબાઇ ૩૦.૦૦ કિ.મી.)

૨. બોડેલી થી ડુંગરવાંટ તરફ જવા માટે બોડેલી-જાબુંઘોડા-ડુંગરવાંટ રોડ પર થઈ ડુંગરવાંટ જઈ શકાશે. (લંબાઈ ૩૦.૦૦ કિ.મી.)

૩. ડુંગરવાંટ થી છોટાઉદેપુર તરફ જવા માટે ડુંગરવાંટ ચોકડી થી બાર-કુંડલ-ધોની સામેલ-ઝોઝ થઈ છોટાઉદેપુર જઈ શકાશે. (લંબાઇ ૪૯.૦૦ કિ.મી.)

૪. છોટાઉદેપુર થી ડુંગરવાંટ તરફ જવા માટે છોટાઉદેપુર-ઝોઝ-ધોળી સામેલ-કુંડલ-બાર થઈ ડુંગરવાંટ જઈ શકાશે. (લંબાઈ ૪૯.૦૦ કિ.મી.)

૫. ડુંગરવાંટ થી જેતપુરપાવી તરફ જવા માટે ડુંગરવાંટ ચોકડી થી બાર-કુંડલ-ધોળી સામેલ-ઝોઝ-તેજગઢ-કિકાવાડા-ઘુટનવડ થી જેતપુરપાવી જઈ શકાશે. (લંબાઈ ૬૫.૦૦ કિ.મી.)

૬. જેતપુરપાવી થી ડુંગરવાંટ તરફ જવા માટે જેતપુરપાવી-ઘુટનવડ-કિકાવાડા-તેજગઢ-ઝોઝ-ધોળી સામેલ-કુંડલ-બાર થઈ ડુંગરવાંટ તરફ જઈ શકાશે. (લંબાઇ ૬૫.૦૦ કિ.મી.)

૭. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

૮. જેતપુર-કદવાલ બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪×૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ ના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને જેતપુર-કદવાલ બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું તા.૧૪/૦૭/૨૦૨૫ થી તા.૧૨/૦૮/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવત હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ, કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૯ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૪/૦૭/૨૦૨૫ મુજબ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ગાર્ગી જૈન, IAS,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/રોડ બંધ/ભારે વાહનો/વશી- ૨૯૨૨ થી ૨૯૪૬/૨૦૨૫.—કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ (મા×મ) વિભાગ (રાજય), આહવા, જિ.ડાંગના તા.૧૧/૦૭/૨૦૨૫ ના પત્ર નં.પી.બી./૬૬૦/૨૦૨૫ થી તેઓના પેટા વિભાગ હસ્તકના વઘઈ - સાપુતારા રોડ પર આવેલ અંબિકા નદી

પરના નંદિઉતારા બ્રિજ મેજર બ્રિજ આવેલ છે. સરકારશ્રી દ્વારા નિમાયેલ કન્સલટન્ટના તાંત્રીક તજજ્ઞો દ્વારા સુંદર બ્રિજનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. તેમના દ્વારા રજુ કરેલ અહેવાલ મુજબ સદર બ્રિજ ક્રિટીકલ પુઅર કેટેગરીમાં જણાવેલ છે. તેથી સદર બ્રિજ નાના વાહનો માટે ચાલુ રાખવા તેમજ ભારે કોમર્શિયલ વાહનો માટે પ્રતિબંધિત કરવા જણાવેલ છે. જેથી સદરહું પુલ ઉપરથી ભારે કોમર્શિયલ વાહનોના અવર જવર માટે ૧ (એક) વર્ષના સમયગાળા માટે પ્રતિબંધિત કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ વઘઈ - સાપુતારા રોડ પર આવેલ અંબિકા નદી પરના નંદિઉતારા બ્રિજ મેજર બ્રિજ ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂ છું.

:: વૈકલ્પિક માર્ગ ::

રસ્તાનું નામ:- વઘઈ-સાપુતારા રોડ કિમી ૬૧/૦ થી ૧૦૩/૩૦૦

બ્રિજનો પ્રકાર:- મેજર બ્રિજ

વૈકલ્પિક રસ્તાનું નામ:- (૧) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બિલ્ધા-આવધા-ધરમપુર રોડ

(૨) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બોપી-કાવડેજ-વાંસદા રોડ

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૧૨/૦૭/૨૦૨૫ના ૬.૦૦/૦૦ થી તા.૧૦/૦૮/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન સ્ટેટ, આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉક્ત મુજબના સુચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા. ૦૧/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું::

ક્રમાંક:ફજદ/રોડ બંધ/ભારે વાહનો/વશી -૨૯૫૬ થી ૨૯૮૨ /૨૦૨૫.–કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પંચાયત (મા×મ) વિભાગ, આહવા, જિ.ડાંગના તા.૧૨/૦૭/૨૦૨૫ -પત્ર નં.જપડ/કાઈ/પીબી/૭૦૬/૨ થી તેઓના પેટા વિભાગ આહવા હસ્તકના ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ કિ.મી. ૧૦/૨ થી ૧૦/૪ (ધુડા ખાતે) માઈનોર બ્રીજ આવેલ છે. સરકારશ્રી દ્વારા નિમાયેલ માર્ગ અને મકાન (આલેખન વર્તુળ, ગાંધીનગરના) તાંત્રીક તજજ્ઞો દ્વારા સદર બ્રીજનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. તેમના દ્વારા રજુ કરેલ અહેવાલ મુજબ સદર બ્રીજ પુઅર કેટેગરીમાં જણાવેલ છે. તેથી સદર બ્રીજ નાના વાહનો માટે ચાલુ રાખવા તેમજ ભારે કોર્મશીયલ વાહનો માટે પ્રતિબંધિત કરવા જણાવેલ છે. જેથી સદરહું ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ પર ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપરથી ભારે વાહનોના અવર જવર માટે ૬ (છ) માસના સમયગાળા માટે પ્રતિબંધિત કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ સદરહું ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ પત ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂ છું.

:: વૈકલ્પિક માર્ગ ::

વૈકલ્પિક રસ્તાનું નામ:- ધુડા હિંદળા થઈ પિપલાઈદેવી કુલ ૫.૫૦ કિ.મી. (પિપલાઈદેવી તરફ.)

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૧૫/૦૭/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૩/૦૮/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત), આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉક્ત મુજબના સુચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા. ૪/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

શાલિની દુહાન, IAS,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું ::

નં.એમએજી/ભંગારીયા/જાહેરનામું/વશી.૫૧૯૯ થી ૫૨૩૨/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુમચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ બનાવો તેમજ ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ ધ્યાને લેતા જણાય છે કે, સુરત ગ્રામ્ય જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય, જેમાં રોજગારી અર્થે પરપ્રાંતીય માણસો આવીને રહે છે અને સુરત ગ્રામ્ય જિલ્લાના પો.સ્ટે. વિસ્તારોમાં ધાડ, લુંટ, ઘરફોડ, ચોરી જેવા મિલકત સબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. આ ભંગારના ધંધા વાળા ઈસમો ભંગારનો માલસામાન કોઈપણ વ્યકિત પાસેથી ખરીદતા હોય છે. જેના કારણે ભંગાર ઉઘરાવવાની ફેરી કરતા ઈસમો નાની મોટી ચોરીઓ કરી ભંગાર વેચાણ કરે છે. આવા પ્રકારની ચોરીનો માલ ભંગારનો ધંધો કરનાર ઈસમો રાખતા હોય પરંતુ લોકો કાયદેસરની પ્રક્રીયામાં પડવાના લીધે આવી નાની ચોરીઓની ફરીયાદો પણ કરતા હોતા નથી. ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો પૈકી મોટાભાગના ઈસમો પરપ્રાંતીયો હોય છે અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. સુરત ગ્રામ્ય જિલ્લામાં ચોરી, ધાડ, લુંટ, મિલકત સબંધી ગુનાઓ નોંધાય છે અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો મિલકત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ સુરત ગ્રામ્ય વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો ઉપર નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપેક્ષમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો ધ્વારા ભંગાર વેચવામાં કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

1. ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે. તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકી પણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડાકરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

2. ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ લાવીને રાખવુ તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાનું પણ પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાનું રહેશે.

3. ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાના રહેશે.

4. ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

5. ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક

પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવે ત્યારે તુરંતજ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

6. ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે. તે વ્યકિતના આઈ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

7. જયારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૬/૦૬/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૦૮/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૨૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી.૫૨૩૩ થી ૫૨૬૬/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજયો કે દેશ બહારથી આવતા આંતકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળી કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહિત પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેને લઈને નાગરીકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને નુકશાન થવા ઉપરાંત માનવ જીંદગીની ખુંવારી પણ થાય છે. લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકશાન ન થાય તથા માનવ જીંદગીની ખુંવારી ન થાય કે અસુરક્ષાની ભાવના ઉભી ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, પાર્કિગ, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિક્ષેપ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, પાર્કિગ, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલિકો/ ઉપભોકતાઓ/વહીવટ કર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નિકળવાના દ્વાર ઉપર, રિસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહીત જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હીલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવતાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહન નંબર વાચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા સીસીટીવી (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વિથ રેકોર્ડીંગ સિસ્ટમ વાળા તથા સરકારશ્રીના ગૃહ વિભાગ ધ્વારા નકકી કરેલ ગુણવત્તા વાળા જેવા કે, Image-Colour, Image-Sensor 1.3" Minimum. Support-TCP IP and Remote Monitoring, Resolution-600 TVI. Min. Compression- H.264 MJPEG. System Data Storege- 30 Days min. with Back Light Compensation and Night Vision Capability" ના રાખવા તથા કેમેરા પુરતી સંખ્યામાં અને સીસીટીવી કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ ઉપભોકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોકત તમામ કાર્યરત એકમોએ આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી દિન-૭ માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાની રહેશે.

-: સીસી ટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા :-

➢ તમામ સંબંધિત એકમોએ,

૧. કોઈપણ જગ્યાની અંદરના તમામ ભાગનું સંપુર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ રીતે થાય તે રીતે ગોઠવવા.

૨. પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચેહરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

૩. બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ કેમેરો ગોઠવવા.

૪. પાર્કીંગની જગ્યાએ સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

૫. રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાંથી પ્રવેશ/નિકાસ હોય ત્યા તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

૬. ટોલટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યકિતઓના ચહેરા જોઈ શકાય તે રીતેના નાઈટવિઝનના કેમેરા ગોઠવવા.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૬/૦૬/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૦૮/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/ગેસ્ટહાઉસ/જાહેરનામું/વશી.૫૧૬૫ થી ૫૧૯૮/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃત્તિ કરતા તત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા વિસ્તારમાં આવેલ હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતીનો ભંગ થાય, માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપતિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃતિ કરવાની કોશીષ કરતા હોય છે. તેમજ સુરત ગ્રામ્ય જીલ્લામાંથી અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પણ પસાર થાય છે. જેથી આવા હોટલ/ગેસ્ટ હાઉસમાં ત્રાસવાદી સંગઠનના માણસો રોકાઈ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપવાની સંભાવના રહેલી છે. આ સંજોગોમાં આવા તત્વો બાબતે સંપુર્ણ માહિતી મેળવી શકાય તેમજ તેમના ઉપર અંકુશ લાવી શકાય તે સારૂ હોટલ, ગેસ્ટ હાઉસના માલિકો/સંચાલકોનો સહકાર બહુ જ અગત્યનો છે. આ અંગે ગેસ્ટહાઉસ/હોટલના માલિકોએ નિયમોનું પાલન કરવા તેમજ હોટલ/ગેસ્ટ હાઉસના માલિકોએ ગ્રાહકની રજીસ્ટરમાં એન્ટ્રીની સાથે દરેક હોટલ પોતાના રીસેપ્શન ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવુ જેમાં PATHIK (Programe for Analysis of Traveller & Hotel innformatik) સોફ્ટવેરમાં એન્ટ્રી કરવાની રહેશે.

બહારના રાજયોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્વો કે ઈસમો કોઈના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટહાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને પોતાની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપી સરકારી, ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાની થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલિકો/સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિક્ષેપ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આ પ્રકારની મિલ્કત ધરાવતા માલિકોએ, સંચાલકોએ મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટહાઉસમાં કોઈ પણ વિદેશીઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય આવી કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ તેના સંચાલકો/માલિકો દ્વારા ભાડે આપી શકશે નહિ.

૧. હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીતની વિગતો લેવી.

૨. વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૩. વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ ના નિયત નમુના મુજબના ફોર્મમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તથા એસ.ઓ.જી. શાખા કોસમાડી પાટીયા ખાતે ૨૪ કલાકમાં રિપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

૪. અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

૫. વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નકકર પુરાવા મેળવવા.

૬. સુરત જીલ્લામાં કઈ જગ્યાએ, કયા કામ માટે, કોને-કોને મળવાના છે? કેટલો સમય રોકાવવાના છે ? તેની તેમજ વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર સહિતની સંપુર્ણ વિગત મેળવી રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

૭. કોઈપણ મુસાફરની હીલચાલ શંકાસ્પદ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

૮. હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

૯. હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટહાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે. તેમજ દરેક મુસાફરો પાસેથી ફોટો આઈ.ડી. પ્રુફ (ઓળખપત્ર) વેરીફાઈ કરી તેની નકલ મેળવી રાખવાની રહેશે.

૧૦. હોટલ/ગેસ્ટ હાઉસના માલિકોએ ગ્રાહકની રજીસ્ટરમાં એન્ટ્રીની સાથે દરેક હોટલ પોતાના રીસેપ્શન ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવુ જેમાં PATHIK (Programe for Analysis of Traveller & Hotel innformatik) સોફ્ટવેરમાં કરવાની રહેશે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૬/૦૬/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૦૮/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/ભાડાની મિલ્કત/જાહેરનામું/વશી.૫૩૦૧ થી ૫૩૩૪/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગોમાં તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાના ગંભીર બનાવોથી જણાય છે કે, આવુ કૃત્ય કરનાર ત્રાસવાદી/અસામાજીક તત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પ્લેક્ષ) માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તિ તેમજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુવારી થાય તેવા ગુનૂહાહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભું કરે છે.

દેશના અન્ય રાજયમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો પોતાનો હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલિકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જયારે મકાન/ દુકાન/ ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપે કે આપેલ છે, તેવા મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમોના માલીકો/ સંચાલકોએ માહિતી તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં. હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે

અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસ અને ઔદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ જે તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

અ.નં.	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમના માલીકનું નામ, સરનામુ, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	ભાડે આપેલ મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમની વિગત, કયાં વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન/ દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ફોટા સાથે.	જે વ્યક્તિને ભાડે આપેલ તેમના મુળ વતનનું પાકા નામ, સરનામાં તથા બે થી ત્રણ સગા સંબંધીઓના નામ, સરનામા.	મકાન/દુકાન/ ઓફિસ તથા ઔદ્યોગીક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગીક એકમ જે ભાડે આપેલ છે તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૬/૦૬/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૦૮/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું::

નં.એમએજી/સીકયુરીટી ગાર્ડ/જાહેરનામું/વશી.૫૨૬૭ થી ૫૩૦૦/૨૦૨૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના કર્મચારીઓ કે તેના ગાર્ડ પોતાના લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને તેઓ પોતાના હથિયારોનો ઉપયોગ જમીનના વિવાદોમાં, લોનના હપ્તા ઉઘરાવવામાં કરતા હોય છે. આ કામે તેઓ હથિયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડિયા લાયસન્સ મેળવી તેનો સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગ કરે છે. જેને લઈને ઘણા-ખરા બનાવોમાં બિનજરૂરી કારણ વગર આડેધડ ફાયરીંગ કરવાના કે જે સ્થળે આવા સિકયુરીટી ગાર્ડ તેની ફરજ બજાવતા ત્યારે તેની ફરજ દરમ્યાન સંબંધિત કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ કે મિલકત સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ આચરવાના બનાવ બનવા પામેલ છે. તો કેટલાક કિસ્સામાં આવા પરપ્રાંતિય હથિયાર ધારક ઈસમ બનાવટી લાયસન્સથી પણ હથિયાર મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ. તેના પર નિયંત્રણ હોવું જરૂરી છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં સિકયુરીટી કંપની ચલાવતા માલિકો/સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આવા પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તેમજ લાયસન્સ જે-તે સિકયુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેકટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રીયકૃત/ખાનગી/સહકારી બેન્કોએ પોતાની બેન્કોમાં તેમજ એ.ટી.એમ. મશીન ઉપર ફરજ બજાવતા ખાનગી સિકયુરીટી એજન્સીના હથિયારી/બિનહથિયારી ગાર્ડનો બાયોડેટા સહિતની માહિતી ફરજીયાત પણે નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ હથિયારી ગાર્ડ હોય તો હથિયાર તથા લાઈસન્સની વિગતો નજીના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. બેન્કમાં ફરજ બજાવત ગાર્ડની માહિતી રજુ કરવાની જવાબદારી બેન્ક મેનેજર/સંચાલકની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ ગાર્ડ વાઈઝ અલગ-અલગ ભરવાની રહેશે.

અ.નં.	વિગત	
૧.	સિકયુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ/માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	
૨.	પરપ્રાંતિય સિકયુરીટી ગાર્ડ હથિયારી/બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો. સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર	
૩.	સિકયુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર	
૪.	નોકરીએ રાખ્યાની તારીખ	
૫.	કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામું	
૬.	હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત થતા ગનની વિગત	
૭.	લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	
૮.	સિકયુરીટી ગાર્ડનો ફોટો	

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૬/૦૬/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૦૮/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/ગણેશ ઉત્સવ/વશી.૪૯૬૧ થી ૪૯૯૪/૨૦૨૫.-સુરત જિલ્લામાં દર વર્ષે ગણેશ મહોત્સવનો તહેવાર ખુબ ઉત્સાહ અને ધામધુમ પૂર્વક મનાવવામાં આવે છે. આ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને મૂર્તિઓનું વિસર્જન, સરઘસ અને શોભાયાત્રા સાથે તા.૦૬/૦૯/૨૦૨૫ના રોજ થનાર છે. સ્થાપના થયા તારીખથી વિસર્જનની તારીખના દિવસો દરમ્યાન ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. સદર તહેવારોના ઉત્સવ નિમિત્તે શ્રી ગણેશ આયોજકો પોતાની પસંદ કરેલ મુર્તિ ગણપતિ ચોથ સ્થાપના દિવસ અગાઉથી જ મુર્તિકારો પાસેથી ખરીદીને પોત-પોતાના મંડળો સાથે ધામ-ધુમ ઉજવણી કરતા હોય છે. આ મહોત્સવ અગાઉ મૂર્તિકારો તરફથી મૂર્તિઓના કદ બાબતે ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઇ રહે અને વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન દરમ્યાન કાયદો અને વ્યવસ્થાનાં પ્રશ્નો ઉપસ્થિત ન થાય, તેમજ મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાય નહી, તેમજ ધાર્મિક લાગણી ના દુભાય, તદ્ઉપરાંત મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી ના દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની રાખવામાં ના આવે, તેમજ કેમિકલયુકત રંગોનો ઉપયોગ મુર્તિઓને કલર કામ કરવામાં થતો હોય, આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ ગાઇડલાઇન મુજબ તેમજ સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખતનાં ઠરાવો અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય ધ્વારા સદરહું તહેવારની ઉજવણીને લઇ આપવામાં આવેલ ગાઇડલાઇનને ધ્યાને લઇ, સદર તહેવારની ઉજવણી દરમ્યાન આ બાબતોને ધ્યાને રાખી સુરત જીલ્લા (ગ્રામ્ય વિસ્તાર) ની જનતામાં સુલેહ શાંતી અને સલામતી જળવાય રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નં.ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪૫/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ ની સુચના અનુસાર તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા બોમ્બે હાઇકોર્ટની સુચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ન થાય તે હેતુ માટે સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે તા.૧૯/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના પ્રતિબંધ મુકવા આથી હુકમ કરૂ છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

1 શ્રી ગણેશજીની, માટીની મૂર્તિ બેઠક સહીતની "૯" (નવ) ફુટ કરતાં વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેરમાર્ગ ઉપર પરિવહન કરવા ઉપર. (આવી તમામ મુર્તીઓનું વિસર્જન કૃત્રિમ તળાવ તથા દરીયામાં કરવાનું રહેશે.)

2 શ્રી ગણેશજીની, પી.ઓ.પી. ની મુર્તિઓ અને ફાયબરની મુર્તિ બેઠક સહીતની "૫" (પાંચ) ફુટથી વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા, જાહેરમાર્ગ ઉપર પરિવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર (તમામ માટી તથા પી.ઓ.પી.ની મુર્તિઓનું કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં અથવા દરીયામાં વિસર્જન કરવાનું રહેશે.)

3 ઓવારા વાઈઝ જયાં કૃત્રિમ તળાવ બનાવેલ હોય તેવા ઈસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તીઓનું વિસર્જન કરવા ઉપર.

4 મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મુર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવા ઉપર.

5 શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડીત થયેલી મુર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

6 કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની વાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા અને સ્થાપના કરવા ઉપર.

7 ગણેશ વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર.

8 ફાયબરની મુર્તિ વિસર્જનના દિવસે અથવા ત્યારબાદ સરઘસના રૂપે બહાર કાઢવા ઉપર.

9 પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

10 મુર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં.ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪૫/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ ધ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૦૯/૦૫/૨૦૧૩ ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૦૮/૨૦૧૫ ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધો સુરત જીલ્લા બહારથી ગણેશજીની મુર્તીઓ લાવી વેચતા મુર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે.

:: પ્રતિબંધનો અમલવારીનો સમયગાળો ::

તા.૧૯/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા (ગ્રામ્ય) માં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પો.સ.ઈ. સુધીના હોદો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/ધાર્મિક ઉત્સવ/વશી.૪૯૯૫ થી ૫૦૨૮/૨૫.-સુરત જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતા ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા-જુદા દેવી દેવતાઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે અને સ્થાપના બાદ ધાર્મિક રીતિ રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મૂર્તિઓને નદી, તળાવ તથા દરિયાના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન શોભાયાત્રા દરમ્યાન ટ્રાફિક સરળતાથી ચાલુ રહે અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાવાની શક્યતા રહે છે તેમજ મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા હોઈ ચિન્હો કે નિશાની રાખવામાં ના આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ઉપરાંત દેવી/દેવતાઓની મૂર્તિઓ બનાવવા માટે કેમિકલયુક્ત રંગોના ઉપયોગ થતો હોય આવી મૂર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદૂષણને અટકાવવા કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો વખતના ઠરાવો અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય ધ્વારા સદરહું તહેવારની ઉજવણીને લઈ આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને લઈ, સદર તહેવારની ઉજવણી દરમ્યાન આ બાબતોને ધ્યાને રાખી સુરત જીલ્લા (ગ્રામ્ય વિસ્તાર) ની જનતામાં સુલેહ શાંતી અને સલામતી જળવાય રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નં.ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪૫/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ ની સુચના અનુસાર તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા બોમ્બે હાઈકોર્ટની સુચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ન થાય તે હેતુ માટે સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે તા.૧૯/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના પ્રતિબંધ મુકવા આથી હુકમ કરૂ છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

1 પી.ઓ.પી. મૂર્તિઓ કુદરતી નદીઓ/તળાવમાં વિસર્જન કરવા પર તથા તેના કિનારા ઉપર પૂજન વિધિ કરવા પર.

2 મૂર્તિઓ બનાવટમાં અન્ય ધર્મના લોકોની લાગણીઓ દુભાય તેવા કોઇ ચિન્હો કે નિશાનીઓ રાખવા પર.

3 મૂર્તિ બનાવટમાં ઝેરી સિન્થેટીક રસાયણ/કેમિકલ, ડાયયુક્ત કલરના ઉપયોગ પર.

4 મૂર્તિની ઉચાઈ ૯-ફૂટથી વધારે રાખવા પર (બેઠક સહિત)

5 મૂર્તિ બનાવટના સ્થળની આસપાસ ગંદકી કરવા પર.

6 મૂર્તિકારો દ્વારા ખંડિત થયેલ મૂર્તિઓ તેમજ વેચાણ ન થયેલ મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડવા પર.

7 મૂર્તિ વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ પંડાલ/મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં.ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪૫/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ ધ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૦૯/૦૫/૨૦૧૩ ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૦૮/૨૦૧૫ ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધો સુરત જીલ્લા બહારથી દેવી/દેવતાઓની મુર્તીઓ લાવી વેચતા મુર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે.

:: પ્રતિબંધનો અમલવારીનો સમયગાળો ::

તા.૧૯/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી

-:: વિસ્તાર ::-

“જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે”

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા (ગ્રામ્ય) માં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પો.સ.ઈ. સુધીના હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭(૧)૩ હેઠળનું ::

નં.એમએજી/મતગણતરી/વશી.૫૧૧૨ થી ૫૧૫૩/૨૦૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ થનાર છે. મતગણતરીના સ્થળો નીચે મુજબના છે. મતગણતરીના સમય દરમ્યાન સુલેહ શાંતિ જળવાય રહે, ચુંટણી પ્રક્રિયા ન્યાયી અને મુકત વાતાવારણમાં યોજાય તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે હેતુસર મતગણતરી બિલ્ડીંગમાં તથા આ બિલ્ડીંગથી ૨૦૦ મીટરની અંદર મોબાઈલ ફોન લઈને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭(૧)૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

પ્રતિબંધિત કૃત્ય

પોલીસ કમિશ્નરેટશ્રીના હકુમત હેઠળના સુરત શહેરના વિસ્તાર સિવાયના સુરત જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં આવેલ મતગણતરી બિલ્ડીંગમાં તથા બિલ્ડીંગથી ૨૦૦ મીટરની અંદર મોબાઈલ ફોન લઈને હરવા ફરવા કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર.

પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરેટશ્રીના હકુમત હેઠળના સુરત શહેરના વિસ્તાર સિવાયના સુરત જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં નીચે દર્શાવેલ મતગણતરી બિલ્ડીંગ તથા મતગણતરી બિલ્ડીંગથી ૨૦૦ મીટર વિસ્તારના ઘેરાવામાં,

(૧) આર્ટસ એંડ કોમર્સ કોલેજ, હાથીસા રોડ, ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત.

(૨) મામલતદાર કચેરી, કામરેજ

(૩) મામલતદાર કચેરી સભા ખંડ, પલસાણા

(૪) કુમારશાળા બારડોલી, તા.બારડોલી, જી.સુરત

(૫) મામલતદાર કચેરી મહુવા (સભા ખંડ), તા.મહુવા, જી.સુરત

(૬) માંડવી એજ્યુકેશન સોસાયટી સંચાલીત, ધી માંડવી હાઈ સ્કુલ, માંડવી, જિ.સુરત

(૭) એસ.પી. મદ્રેસા કેમ્પસ, પ્રાથમિક શાળા, માંગરોળ, જિ.સુરત.

(૮) સરકારી વિનયન કોલેજ ઉમરપાડા, તા.ઉમરપાડા જી. સુરત.

પ્રતિબંધિત સમય

તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ કલાક : ૦૦-૦૦ થી મતગણતરીનું કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી.

અપવાદ

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી/કર્મચારી કે જે ચુંટણી મતગણતરી અંગેની ફરજ પર હોય અને મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવી વ્યકિતને તેમજ શૈક્ષણિક હેતુસર સંબંધીત શાળા/કોલેજમાં ભણવા આવતા અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ તેમજ સંબંધીત શાળા/કોલેજમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારી સ્ટાફને ઉપરોકત પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૩૨૫૦ થી ૩૨૭૪/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેર, પંચાયત મા.મ.વિભાગ, સુરત તા.૧૭/૦૩/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, પરબ જોળવા રોડ કી.મી.૧/૪૦ થી ૧/૬0 તા.કામરેજ જી.સુરતમાં મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના-૨૦૨૪-૨૫ હેઠળ બ્રિજની કામગીરી મંજૂર થયેલ છે. આ બ્રિજમાં ૨-એબટમેન્ટ તથા ૨૪ મીટર લંબાઈનો સ્લેબ તથા બંને બાજુના એપ્રોચ મળીને કુલ 300.00 મીટરની કામગીરી કરવાની હોય. સદર કામને તા:-૨૫/૦૨/૨૦૨૫ થી કામ શરૂ કરવાનો વર્ક ઓર્ડર આપેલ છે, જે કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા અગિયાર માસ (તા:- ૨૪/૦૧/૨૦૨૬) સુધીની છે. કામ વહેલી ઝડપે પૂર્ણ કરવાનું આયોજન હોય તેથી જોળવા ગામ તરફથી આવતા વાહનોને જમણી બાજુ રસ્તો લઈ હલધરૂ ગામ થઈ ને પરબ ગામ જવા માટે રસ્તો ઉપલબ્ધ છે. જેની લંબાઈ ૫.૦૦ કિમી છે. જેથી ઉપર જાહેરનામુ તા.૨૪/૧૧/૨૦૨૫ સુધી રસ્તાના ટ્રાફિક ડાયવર્ઝન મંજૂરી આપવા વિનંતી છે.

સબબ તા.૧૨/૦૫/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૬ દરમિયાન ટ્રાફિક નિયમન અંગેની કોઈ સમસ્યાઓ ઉપસ્થિત ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૨/૦૫/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૬ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	જોળવા ગામ થી પરબ ગામ જવા-આવતા વાહનો માટે	જોળવા બાજુથી હલધરૂ રોડ થઈ પરબ રોડ (લંબાઈ ૫.૦૦ કિમી) પર થઈ પરબ તરફ આવવું/જવું

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર, પંચાયત મા.મ.વિભાગ, સુરતનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૫૬૭૦ થી ૫૭૦૩/૨૦૨૫.–ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI), પરિયોજના કાર્યાન્વયન યુનિટ, સુરત તા.૧૦/૦૭/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, ભરૂચ થી સુરત સુધીના એન.એચ.-૪૮ પર આવેલ તાપી બ્રિજના એક્ષપાન્શન જોઈન્ટની સમારકામની કામગીરી કરવાની હોય. સદર કામને તા:-૧૦/૦૭/૨૦૨૫ થી કામ શરૂ કરવાનો છે, જે કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા એક માસ

(તા:-૧૦/૦૮/૨૦૨૫) સુધીની છે. કામ વહેલી ઝડપે પૂર્ણ કરવાનું આયોજન હોય તેથી ભરૂચ થી સુરત સુધીના એન.એચ.-૪૮ પર આવેલ તાપી બ્રિજની ડાબી સાઈડ તરફથી આવતા ભારે વાહનોને વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે, પેકેજ-૬ તરફ જવા માટે રસ્તો ઉપલબ્ધ છે. તેમજ એક્સપ્રેસ-વે પર ટુ-વ્હિલર વાહનોને મંજુરી નથી તેથી હાલમાં કાર્યરત રૂટનો જ ઉપયોગ ચાલુ રહેશે.

સબબ તા.૧૦/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૮/૨૦૨૫ દરમિયાન ટ્રાફિક નિયમન અંગેની કોઈ સમસ્યાઓ ઉપસ્થિત ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૦/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૮/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ક્રમ	વાહનનો પ્રકાર	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	ભારે વાહનો માટે	ભરૂચ થી સુરત સુધીના એન.એચ.-૪૮ પર આવેલ તાપી બ્રિજની ડાબી સાઈડ તરફથી આવતા વાહનો માટે	વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે, પેકેજ-૬ તરફ (એક્સપ્રેસ-વે પર ટુ-વ્હિલર વાહનોને મંજુરી નથી તેથી હાલમાં કાર્યરત રૂટનો જ ઉપયોગ ચાલુ રહેશે.)

ભરૂચ થી સુરત સુધીના એન.એચ.-૪૮ પર આવેલ તાપી બ્રિજની જમણી સાઈડ તરફથી જતા વાહનો હાલમાં કાર્યરત રૂટનો જ ઉપયોગ ચાલુ રહેશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI), પરિયોજના કાર્યાન્વયન યુનિટ, સુરતનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૫૭૧૨ થી ૫૭૪૫/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેર સુરત (મા.મ) વિભાગ, નં.૨, સુરત તા.૧૦/૦૭/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, અરેઠ બૌધાન ઘલા રોડ કિ.મી. ૦/૦ થી ૧૦/૨૦ રોડની ચે.૧૦/૦ થી ૧૦/૨૦ ઉપર આવેલ મેજર બ્રીજ ૪૨ વર્ષ જુનો છે. અને ભારે વાહનોની અવર જવર માટે ભયજનક જણાયેલ છે. આથી સદર બ્રીજ ઉપર ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા અર્થે તથા ભારે વાહનોના ટ્રાફીકને વૈક્લપિક રૂટ ઉપર ડાઈવર્ટ કરવા માટે મંજૂરી આપવા વિનંતી છે.

સબબ તા.૧૧/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૮/૨૦૨૫ દરમિયાન ટ્રાફિક નિયમન અંગેની કોઈ સમસ્યાઓ ઉપસ્થિત ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૧/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૮/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ભારે વાહનો માટે

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	અરેઠ (માંડવી) થી કીમ થઈ સુરત જવા માટે	અરેઠ (માંડવી) થી તડકેશ્વર - તડકેશ્વર થી કીમ ચાર રસ્તા (NHAI) કીમ ચાર રસ્તા (NHAI) થી કામરેજ ચાર રસ્તા કામરેજ ચાર રસ્તા થી સુરત
૨	અરેઠ (માંડવી) થી કામરેજ થઈ સુરત જવા માટે	અરેઠ (માંડવી) થી બૌધાન - - બૌધાન થી શામપુરા - - શામપુરા થી દિગસ - - દિગસ થી કામરેજ ચાર રસ્તા - - કામરેજ ચાર રસ્તા થી ઘલા રોડ (NHAI જંકશન)

૩	બૌધાન થી ઘલા જવા- આવવા માટે	બૌધાન થી શામપુરા - - શામપુરા થી દિગસ - - દિગસ થી કામરેજ ચાર રસ્તા- - કામરેજ ચાર રસ્તા થી ઘલા રોડ (NHAI જંકશન)
૪	ઘલા થી માંડવી કિમ ચાર રસ્તા થઈને જવા માટે	ઘલા રોડ થી NHAI જંકશન - - NHAI જંકશન થી કિમ ચાર રસ્તા - - કિમ ચાર રસ્તા થી તડકેશ્વર - - તડકેશ્વર થી માંડવી

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર સુરત (મા.મ) વિભાગ, નં.૨, સુરત નાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૫૮૩૧ થી ૫૮૬૫/૨૫.–કાર્યપાલક ઈજનેર સુરત (મા.મ) વિભાગ, નં.૨, સુરત તા.૧૬/૦૭/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, તેના વાસવા દામકા રોડ પર તેના ખાડી ચેઈનેજ ૦/૪૦૦ થી ૧/૨૦૦ પર આવેલ તેના બ્રીજનું લોડ ટેસ્ટ કરવાનું આલેખન (મા.મ.) વર્તુળ, ગાંધીનગર દ્વારા તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ સ્થળ વિઝીટ કરીને સુચવેલ હતુ. જે અન્વયે લોડ ટેસ્ટ કરવાનું હોવાથી તથા રસ્તો ટ્રાફિકવાળા વિસ્તારમાંથી પસાર થતો હોવાથી સુગમતા તથા અકસ્માત ન થાય માટે ટ્રાફિકને ડાયવર્ઝન આપવા માટે તથા સદર કામગીરી ચાલુ ટ્રાફિકમાં થઈ શકે તેમ ન હોય રસ્તાને તા.૨૦/૦૭/૨૦૨૫ થી તા.૨૨/૦૭/૨૦૨૫ સુધી બંધ કરવાની જરૂરિયાત ઉભી થયેલ છે. સદર રસ્તો બંધ કરતાં ટ્રાફિકની અવર જવર માટે વૈકલ્પિક રસ્તા ઉપયોગમાં લઈ શકાય તેમ છે. જે અંગે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા અર્થે તથા વાહનોના ટ્રાફીકને વૈક્લપિક રૂટ ઉપર ડાઈવર્ટ કરવા માટે મંજૂરી આપવા વિનંતી છે.

સબબ તા.૨૦/૦૭/૨૦૨૫ થી તા.૨૨/૦૭/૨૦૨૫ સુધી તેના વાસવા દામકા રોડ પર તેના ખાડી ચેઈનેજ ૦/૪૦૦ થી ૧/૨૦૦ પર આવેલ તેના બ્રીજનું લોડ ટેસ્ટ કરવા વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા માટે તેના વાસવા દામકા રોડ ના ટ્રાફિકને ડાયવર્ટ કરવા નીચે મુજબના વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૨૦/૦૭/૨૦૨૫ થી તા.૨૨/૦૭/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	તેના વાસવા દામકા રોડ પર તેના ખાડી પર આવેલ બ્રિજ પર આવવા-જવા માટે	હજીરા મોર થી તેના તરફ જતો ટ્રાફિક NH53 પરથી ઈચ્છાપુર ચોકડી થઈ ઈચ્છાપુર જહાંગીરપુરા વરીયાવ નવી પારડી રોડ પર થઈ તેના પર આવેલ ભેંસાણ ચોકડી થઈ તેના બરબોધન ભેંસાણ રોડ થઈ તેના તરફ જઈ શકશે. સદર રૂટ પર બંને તરફ અવર જવર થઈ શકશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર સુરત (મા.મ) વિભાગ, નં.૨, સુરત નાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું. ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૫૮૬૬ થી ૫૯૦૦/૨૫.–નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, બારડોલી, સુરતએ તા.૧૧/૦૭/૨૦૨૫ના પત્રથી જણાવેલ છે કે, તાતિથૈયા મોતા વરાડ અકોટી રોડ (મુખ્ય જિલ્લા માર્ગ) કિમી ૦/૦૦ થી ૮/૦૦ ની ચે.૫/૨૦૦ થી ૫/૪૦૦ કિ.મી. ઉપર સિંચાઈ વિભાગ હસ્તકનું કેનાલ સ્ટ્રક્ચર આવેલ છે. જે અતિ જર્જરીત જણાય છે. અને ભારે વાહનોની અવર જવર માટે ભયજનક જણાયેલ છે. સદર કેનાલ સ્ટ્રક્ચરને અત્રેનો રસ્તો ક્રોસ કરે છે આથી સદર કેનાલ સ્ટ્રક્ચર ઉપર ભારે વાહનોની અવર-જવર પ્રતિબંધ મુકવા અર્થે હાઈટ બેરીયર ઈસ્ટોલ કરવા માટે નર્મદા જળ સંપતિ વિભાગના ક્ષેત્રીય અધિકારીશ્રી દ્વારા રજુઆત કરેલ છે. જેથી સદર કેનાલ સ્ટ્રક્ચર ઉપર ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અર્થે તથા ભારે વાહનોના ટ્રાફિકની અવર જવર માટે વૈકલ્પિક રસ્તા ઉપયોગમાં લઈ શકાય તેમ છે. જે અંગે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા અર્થે તથા વાહનોના ટ્રાફીકને વૈક્લપિક રૂટ ઉપર ડાઈવર્ટ કરવા માટે મંજૂરી આપવા વિનંતી છે.

સબબ તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ સુધી તાતિથૈયા મોતા વરાડ અકોટી રોડ (મુખ્ય જિલ્લા માર્ગ) કિમી ૦/૦૦ થી ૮/૦૦ ની ચે.૫/૨૦૦ થી ૫/૪૦૦ કિ.મી. ઉપર સિંચાઈ વિભાગ હસ્તકનું કેનાલ સ્ટ્રક્ચર ઉપર ભારે વાહનોની અવર-જવર પ્રતિબંધ મુકવા અર્થે હાઈટ બેરીયર ઈસ્ટોલ કરવા ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા માટે તાતિથૈયા મોતા વરાડ અકોટી રોડ ના ટ્રાફિકને ડાયવર્ટ કરવા નીચે મુજબના વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ભારે વાહનોનું ડાયવર્ઝન

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	મોતા થી સુરત જવા માટે	મોતા થી ગંગાધર - ગંગાધરા થી કડોદરા ચાર રસ્તા- કડોદરા ચાર રસ્તા થી સુરત
૨	મોતા થી સુરત જવા માટે	મોતા-મીરાપુર-સેવણી ચોકડી - સેવણી ચોકડી - મોર્થાણા- વલથાણ NH-48 રસ્તા વલથાણ NH-48 રસ્તા થી કામરેજ ચાર રસ્તા કામરેજ ચાર રસ્તા થી સુરત
૩	હલધરૂ થી સુરત જવા માટે	હલધરૂ થી સર્વોત્તમ હોટલ - સર્વોત્તમ હોટલ થી કડોદરા ચાર રસ્તા - કડોદરા ચાર રસ્તા થી સુરત
૪	હલધરૂ થી બારડોલી જવા માટે	હલધરૂ થી સર્વોત્તમ હોટલ - સર્વોત્તમ હોટલ થી બારડોલી ચાર રસ્તા

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર સુરત (મા.મ) વિભાગ, નં.૨, સુરત નાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૫૯૦૧ થી ૫૯૩૫/૨૫.-નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, બારડોલીએ તા.૧૧/૦૭/૨૦૨૫ના પત્રથી જણાવેલ છે કે, ગલતેશ્વર ટીંબા શામપુરા બારડોલી રોડ(એસ.એચ.) કિમી ૦/૦૦ થી ૧૭/૬૦ની ચે.૧૩/૪૦૦ થી ૧૩/૬૦૦ કિ.મી. ઉપર માઇનોર બ્રીજ આવેલ છે. જે ખુબ જ જુનુ બાંધકામ છે તથા તેની જગ્યાએ નવા સ્ટ્રક્ચર બનાવવાની કામગીરી હાલ ટેન્ડર હેઠળ છે. વધુમાં મુલાકાત દરમ્યાન સદર પુલ ભારે વાહનોની અવર-જવર માટે ભયજનક જણાયેલ છે. આથી સદર માઈનોર બ્રીજ ઉપર ભારે વાહનોના ટ્રાફિકની અવર જવર માટે વૈકલ્પિક રસ્તા ઉપયોગમાં લઈ શકાય તેમ છે. જે અંગે ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા અર્થે તથા વાહનોના ટ્રાફીકને વૈક્લપિક રૂટ ઉપર ડાઈવર્ટ કરવા માટે મંજૂરી આપવા વિનંતી છે.

સબબ તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ સુધી ગલતેશ્વર ટીંબા શામપુરા બારડોલી રોડ(એસ.એચ.) કિમી ૦/૦૦ થી ૧૭/૬૦ની ચે.૧૩/૪૦૦ થી ૧૩/૬૦૦ કિ.મી. ઉપર માઇનોર બ્રીજ ઉપર ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા માટે ટીંબા શામપુરા બારડોલી રોડ ના ટ્રાફિકને ડાયવર્ટ કરવા નીચે મુજબના વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ભારે વાહનોનું ડાયવર્ઝન

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	ખરવાસા થી સુરત જવા માટે	ખરવાસા થી બારડોલી - બારડોલી થી કડોદરા ચાર રસ્ત - કડોદરા ચાર રસ્તા થી સુરત
૨	ખરવાસા થી સુરત જવા માટે	ખરવાસા થી બારડોલી - બારડોલી થી સેવણી ચોકડી - સેવણી ચોકડી - મોર્થાણા - વલથાણ NH 48 રસ્તા. વલથાણ NH 48 રસ્તા થી કામરેજ ચાર રસ્તા - કામરેજ ચાર રસ્તા થી સુરત
૩	ખરવાસા થી ગલતેશ્વર જવા માટે	ખરવાસા થી બારડોલી - બારડોલી થી સેવણી ચોકડી - સેવણી ચોકડી થી વિહાણ ચોકડી - વિહાણ ચોકડી થી ગલતેશ્વર મંદિર
૪	ડુંગર થી બારડોલી જવા માટે	ડુંગર ગામથી પરોણા ચોકડી - પરોણા ચોકડી થી મોતા પાટિયા - મોતા ચોકડી થી બારડોલી

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર સુરત (મા.મ) વિભાગ, નં.૨, સુરત નાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાયવર્ઝન/વશી.૫૯૬૧ થી ૫૯૯૫/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેર પંચાયત (મા.મ) વિભાગ, સુરત તા.૨૫/૦૬/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, ઓવિયાણ વરેલી રોડ કી.મી. ૦/૦ થી ૦/૨૦૦ તા. કામરેજ, જિ.સુરતમા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બ્રિજની કામગીરી મંજૂર થયેલ છે. જે તા. ૧૧/૧૨/૨૦૨૪ થી કામ શરૂ કરવાનો આદેશ આપેલ છે, જેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જે અન્વયે હાલ વરસાદ ના કારણે ડાઈવર્ઝન ની ઉપર થી પાણી જતું હોય રસ્તા પર અવર જવર બંધ કરેલ છે. સદરહુ કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા બાર(૧૨) માસ (તા.૧૦/૧૨/૨૦૨૫) સુધીની છે. જેથી ઓવિયાણ-વરેલી રોડ પર જતાં/આવતા તમામ પ્રકારના વાહનોને પસાર થવા પર પ્રતિબંધ તા:-

૧૦/૧૨/૨૦૨૫ સુધી મુકવા માટે જાહેરનામું બહાર પાડવા માટે આગળની ઘટતી કાર્યવાહી થવા વિનંતી છે.

સબબ તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૧૨/૨૦૨૫ સુધી ઓવિયાણ વરેલી રોડ કી.મી. ૦/૦ થી ૦/૨૦૦ તા. કામરેજ, જિ.સુરત પર આવેલ બ્રીજની કામગીરી કરવા વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા માટે ઓવિયાણ વરેલી રોડ ના ટ્રાફિકને ડાયવર્ટ કરવા નીચે મુજબના વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૧૨/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	ઓવિયાણ વરેલી રોડ પર આવવા-જવા માટે	ઓવિયાણ થી આંત્રોલી ગામ થઈ ને સુરત બારડોલી હાઈવે

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે કાર્યપાલક ઈજનેર પંચાયત (મા.મ) વિભાગ, સુરત નાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

નં.એમએજી/તહેવાર/વશી.૬૦૮૧ થી ૬૧૧૪/૨૦૨૫.-સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી શ્રાવણ માસમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(૪) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૨૨/૦૭/૨૦૨૫ થી તા.૦૫/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::

નં.એમએજી/જાહેરનામું/વશી.ફ૧૧૫ થી ફ૧૪૮/૨૫.-સુરત જિલ્લામાં આગામી તા.૧૫/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૮/૨૦૨૫ સુધી શ્રાવણ માસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૨૨/૦૭/૨૦૨૫ થી તા.૦૫/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

વિજય રબારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

હુ ક મ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલો.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૭૪/વશી. ૮૩૩૨ થી ૮૩૮૪ /૨૦૨૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં મહોરમ(તાજિયા), ગુરુપૂર્ણિમા તથા ગૌરીવ્રત વિગેરે તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૦૬/૦૭/૨૦૨૫ થી તા.૨૦/૦૭/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

<u>આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.</u>

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૦૫/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુ ક મ :-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલો.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૭૫/વશી. ૮૩૮૫ થી ૮૪૩૭ /૨૦૨૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં મહોરમ(તાજિયા), ગુરુપૂર્ણિમા તથા ગૌરીવ્રત વિગેરે તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૦૬/૦૭/૨૦૨૫ થી તા.૨૦/૦૭/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૦૫/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૭૯/વશી. ૮૬૬૬ થી ૮૭૧૮/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં દિવાસો જાગરણ, દશામા તથા પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૨૧/૦૭/૨૦૨૫ થી તા.૦૪/૦૮/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૮/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૮૦/વશી. ૮૭૧૯ થી ૮૭૭૧/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં દિવાસો જાગરણ, દશામા તથા પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૨૧/૦૭/૨૦૨૫ થી તા.૦૪/૦૮/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૧૮/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

એમ.ડી.ચુડાસમા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

આમુખ:-

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જંબુસરનાં પત્ર ક્રમાંક:એમએજી/વશી/૪૫૮/૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./અભિપ્રાય/૨૪૦૪/૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૫૨૯/ ૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ભરૂચનાં તા.૧૦/૦૭/૨૦૨૫ નાં પત્ર અન્વયે આમુખ-૧ થી ભરૂચ જિલ્લામાંથી પસાર થતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૬૪ નાં જંબુસરથી ભરૂચ (કી.મી.૧૭૪/૦૦ થી ૨૩૦/૩૦૦) રોડ ઉપર આવેલ ઢાઢર નદીનો બ્રીજ (કિ.મી.૧૮૦/૦૦૦ થી ૧૮૦/૪૦૦) જે ઘણો જુનો થઈ ગયેલ હોય સદરહું બ્રીજ ઉપર ભારે અને ઓવરલોડ વાહનો પસાર થતા હોય જેથી બ્રીજની સલામતીને જોતાં બ્રીજ ઉપરથી પસાર થતાં ભારે માલવાહક વાહનોની અવર-જવર બંધ કરવી યોગ્ય જણાતી હોય સદર રસ્તાનાં આમોદથી જંબુસર સેક્શનમાં ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવા તથા નીચે જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર ભારે વાહનો માટે રૂટ ડાયવર્ઝન આપવા અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા બાબતે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જંબુસરે અત્રે રજૂઆત કરેલ છે. આમુખ-૨ થી સદરહું બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે અત્રે હકારત્મક અભિપ્રાય રજૂ કરેલ છે.

રૂટ ડાયવર્ઝન:-

(૧) આમોદ જંબુસર તરફ જતા ભારે વાહનો તથા મોટી સરકારી ST અને ખાનગી બસો માટે

આમોદથી (માતર ટોલ) એક્ષપ્રેસ-વે થઈ પાદરા (સમીયાલા ટોલ) થી જંબુસર તરફ જઈ શકશે.

આમોદથી સરભાણ-મંજોલા-વાસણા-ઉમજ-વણછરા-મારદ રોડ થઈ જંબુસર તરફ જઈ શકશે.

(૨) જંબુસરથી આમોદ તરફ જતા ભારે વાહનો તથા મોટી સરકારી ST અને ખાનગી બસો માટે

જંબુસરથી પાદરા (સમીયાલા ટોલ) એક્ષપ્રેસ-વે થઈ (માતર ટોલ) થી આમોદ તરફ જઈ શકશે.

જંબુસરથી માસર રોડ-વણછરા-ઉમજ-વાસણા-મંજોલા-સરભાણ થઈ આમોદ તરફ જઈ શકશે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૬૪ નાં જંબુસરથી ભરૂચ (કી.મી.૧૭૪/૦૦ થી ૨૩૦/૩૦૦) રોડ ઉપર આવેલ ઢાઢર નદીનાં બ્રીજ ઉપર ભારે અને ઓવરલોડ વાહનો પસાર થતા હોય જેથી બ્રીજની સલામતીને જોતાં બ્રીજ ઉપરથી પસાર થતાં ભારે માલવાહક વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર ભારે માલવાહક વાહનો માટે રૂટ ડાયવર્ઝન આપવા આથી હુકમ ફરમાવુ છું.

અપવાદ

લાઈટ મોટર વ્હીકલ, એસ.ટી.બસ, આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ વાહનોને સદરહું જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૭/ ૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ રાજ્ય, ભરૂચનાં જા.નં.પીબી-૨/ અંક્લેશ્વર/ જાહેરનામુ/ ૩૪૫૫/ ૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫

(૨) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામુ/વશી/૩૪૩૬, તા.૦૫/૦૭/૨૦૨૫

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ (રાજ્ય), ભરૂચનાં જા.નં./ પી.બી./ ૩/ શહેર/ ૩૭૩૭/ ૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૫૩૭/૨૦૨૫.-આમુખ-૧ થી કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ (રાજ્ય), ભરૂચની દરખાસ્ત અન્વયે ગોવાલી ગુમાનદેવ કિ.મી.૦/૦૦ થી ૫/૨૦ (૫.૨ કિમી) રસ્તા ઉપર ભારે વાહનોની અવર-જવર બંધ કરવા અત્રેનાં આમુખ-૨ થી જાહેરનામું

પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. આમુખ-૩ થી અત્રેનાં આમુખ-૨ થી તા.૦૫/૦૭/૨૦૨૫ નાં રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામું રદ કરવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ (રાજ્ય), ભરૂચે અત્રે રજૂઆત કરેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આમુખ-૨ થી તા.૦૫/૦૭/૨૦૨૫ નાં રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામું હુકમની તારીખથી તાત્કાલિક અસરથી રદ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ઝગડીયાનાં પત્ર ક્રમાંક: એમ.એ.જી./બ્રીજ/વશી/૨૦૭/૨૦૨૫, તા.૧૫/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૫૬૭/ ૨૦૨૫.-Project Director, PIU, NHAI, રાજપીપળાનાં તા.૧૪/૦૭/૨૦૨૫ નાં પત્ર અન્વયે આમુખ-૧ થી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ઝગડીયાએ ભરૂચ જિલ્લામાં નેત્રંગ નજીક NH-753-B પર ઘાણીખુંટ બ્રીજ અને NH-56 પર મોવી, કોચબાર, ચાસવડ અને કંબોડીયા બ્રીજ પર તમામ પ્રકારનાં ભારે વાહનો માટે ટ્રાફિકનું રૂટ ડાયવર્ઝન માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

(૧) નેત્રંગ ડેડીયાપાડા NH-753B રોડ ઉપર ઘાણીખુંટ ગામ નજીક કરજણ નદી પર ઘાણીખુંટ પુલનાં કારણે ટ્રાફિક ડાયવર્ઝન:-

(A) અંક્લેશ્વરથી સાગબારા તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનો અંક્લેશ્વર-કોસંબા-ઝંખવાવ-ઘાંટોલી-લીંબી થઈ સાગબારા તરફ જઈ શકશે.

(B) સાગબારાથી અંક્લેશ્વર તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનો સાગબારા-લીંબી-ઘાંટોલી-ઝંખવાવ-કોસંબા થઈ અંક્લેશ્વર તરફ જઈ શકશે.

(C) રાજપીપળાથી સાગબારા તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનો રાજપીપળા-અંક્લેશ્વર-કોસંબા-ઝંખવાવ-ઘાંટોલી-લીંબી થઈ સાગબારા તરફ જઈ શકશે.

(D) સાગબારાથી રાજપીપળા તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનો સાગબારા-લીંબી-ઘાંટોલી-ઝંખવાવ-કોસંબા-અંક્લેશ્વર થઈ રાજપીપળા તરફ જઈ શકશે.

(૨) નેત્રંગ તાલુકાના મોવી ગામ અને કોચબાર ગામ નજીક NH-56 પર મોવી બ્રીજ અને કોચબાર બ્રીજને કારણે ટ્રાફિક ડાયવર્ઝન:-

(A) રાજપીપળાથી નેત્રંગ તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનો રાજપીપળા-અંક્લેશ્વર-વાલીયા થઈ નેત્રંગ તરફ જઈ શકશે.

(B) નેત્રંગથી રાજપીપળા તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનો નેત્રંગ-વાલીયા-અંક્લેશ્વર થઈ રાજપીપળા તરફ જઈ શકશે.

(૩) નેત્રંગ તાલુકાનાં ચાસવડ ગામ અને કંબોડિયા ગામ પાસે NH-56 પર ચાસવડ બ્રીજ અને કંબોડિયા બ્રીજને કારણે ટ્રાફિક ડાયવર્ઝન:-

(A) નેત્રંગથી વાડી તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનો નેત્રંગ-અંક્લેશ્વર-કોસંબા-ઝંખવાવ થઈ વાડી તરફ જઈ શકશે.

(B) વાડીથી નેત્રંગ તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનો વાડી- ઝંખવાવ- કોસંબા-અંક્લેશ્વર થઈ નેત્રંગ તરફ જઈ શકશે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી ભરૂચ જિલ્લામાં નેત્રંગ નજીક NHAI એ ભરૂચ જિલ્લામાં નેત્રંગ નજીક NH-753B પર ઘાણીખુંટ બ્રીજ અને NH-56 પર મોવી, કોચબાર, ચાસવડ અને કંબોડીયા બ્રીજ પર તમામ પ્રકારનાં ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન.આર.ધાધલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/જા.ના./ARTO/ બિનઅધિ.વ્ય./વશી-૨૮૦૧ થી ૨૮૩૦/૨૦૨૫.-સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ડાંગ આહવાના પત્ર નં.ARTODNGAHW/BNSSD/e-file/7507/2025/0009/Admin, તા.૦૨/૦૭/૨૦૨૫ ના પત્રની વિગતે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૭/૧૯૮૯ થી એજન્ટ પ્રથા નાબુદ કરવામાં આવેલ છે. બિનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા મોટરીંગ પબ્લિક સાથે છેતરામણી કરીને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી લોભામણી વાતો કરી વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી બિનઅધિકૃત વ્યક્તિઓ ઈસમો રૂપિયા લઈ ભાગી જતાં કે વધારાના રૂપિયા પડાવતાં હોવાનું તથા આવા બિનઅધિકૃત ઈસમો કચેરીના કમ્પાઉન્ડમાં પોતાના નામના સરકારમાન્ય આર.ટી.ઓ એજન્ટના વીઝીટીંગ કાર્ડ છપાવી તેમના પ્રાઈવેટ વાહન (જેવા કે ઓટો રીક્ષા, મારૂતી) પર બેનર લગાવી મોટરીંગ પબ્લિકને ભોળવી છેતરપિંડી કરતા હોય છે અને આવા તત્વો દ્વારા કચેરીની કામગીરીમાં રૂકાવટ કરાવી કચેરીના રેકોર્ડ સાથે ચેડા કરવા, ધાક ધામકી આપવી, મારા મારી કરવી જેવી પ્રવૃત્તિઓથી ભયનું વાતાવરણ ફેલાવતા હોય છે પરિણામે કચેરીમાં કામ કરતા કર્મચારીઓ/અધિકારીઓમાં અસુરક્ષિતતા લાગણી જોવા મળે છે. જેની પ્રતિકૂળ અસર સરકારી કામકાજ પર પડે છે. જેથી મોટરીંગ પબ્લિકનું કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લિક લે ભાગુ તત્વોથી છેતરાય નહી અને બિનઅધિકૃત વ્યક્તિઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારીઓ/ અધિકારીઓ સ્વસ્થ ચિતે, ભયની લાગણી વગર ધારાધોરણ મુજબની કામગીરી તટસ્થતા પૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તેમજ કોઈપણ સ્વરૂપથી બિનઅધિકૃત વ્યક્તિઓ અસ્તિત્વમાં ન રહે તેમજ બિન અધિકૃત વ્યક્તિઓ કચેરીમાં કે કચેરીના કમ્પાઉન્ડમાં ના આવે તેના માટે જાહેરનામું કરવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, આહવા-ડાંગ અને કચેરીના કમ્પાઉન્ડ, મુ.પૂણી કેન્દ્ર વઘઈ, જિ.ડાંગમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવત્તિ કરી રહેલ તેવા બિન અધિકૃત વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૧૧/૦૭/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા. ૦૯/૦૯/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંધન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંધન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/શ્રમિક-કામ./પો.વેરી/વશી-૨૮૩૧ થી ૨૮૬૦/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર ક્રમાંક:નં.LIB/શ્રમિક-કામ.

પો.વેરી./૧૫૧૫/૨૦૨૫, તા.૦૭/૦૭/૨૦૨૫ના પત્રથી જીલ્લામાં આવેલ અલગ અલગ એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોના કોઇ પૂર્વ ઇતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી ન હોવાના કારણે અસામાજીક તત્વો, ગુનાહિત ઇતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહિ ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજયની આંતરીક સુરક્ષા માટે યોગ્ય અને ઇચ્છનીય નથી.

જીલ્લામાં કોઇપણ સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોના જરૂરી ડોક્યુમેન્ટો મેળવી જે તે સંસ્થા/એકમોએ શ્રમિકો/કામદારોના પૂર્વ ઇતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટે સબંધિત પોલીસ સ્ટેશનોમાં વિગત આપી તેઓના પૂર્વ ઇતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા જરૂરી છે. જેથી જિલ્લામાં કોઇપણ સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોના પૂર્વ ઇતિહાસ, નાગરીકતા અને ઓળખ અંગે જરૂરી કાર્યવાહી કરવા ફરજ પાડતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારનાં ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ જરૂરી ડોક્યુમેન્ટો તથા તેમના વતનમાં નજીકનાં સગા-સબંધીના નામ સરનામાં અને સંપર્ક નંબરની સાચી વિગત જે તે સંસ્થા/એકમો/માલિકો દ્વારા નજીકનાં સબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરજિયાત જમા કરાવવાના રહેશે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૧૧ /૦૭/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા. ૦૯/૦૯/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંધન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંધન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું::

ક્રમાંક:ફજદ/જા.ના/મકાન ભાડુઆત/ વશી-૨૮૬૧ થી ૨૮૯૦/૨૦૨૫.—પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના/જાહેરનામુ/મકાન ભાડુઆત/૭૧૦/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫ના પત્રની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોનાં બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. ડાંગ જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીનાં પગલા રૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. હાલના સંજોગોમાં ત્રાસવાદીઓ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વિસ્તારોમાં મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે (રેકી) કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો દ્વારા ભાડે આપતા મકાનો દ્વારા રાજય અને દેશની સલામતી જાળવવાના કાર્યોમાં તેઓનો સહકાર મેળવવા માટે મકાન માલીકો દ્વારા ભાડે અપાતા મકાનોની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં અચૂક કરાવે તે આપત્તિ સમયની અનિવાર્ય જરૂરત બનેલ છે. તેમજ મકાન માલીકોએ કરેલી જાણ અંગે સ્થાનીક પોલીસ દ્વારા નિયત કોલમમાં ભાડુઆત અંગે અને મકાન માલીક અને મકાન અંગેની સંપુર્ણ અને સચોટ વિગતો નિભાવવામાં આવે અને આ બાબતને કાનુની બળ મળી રહે તે માટે રજીસ્ટરો નિભાવવામાં આવે જે અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરું છું,

"સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈ રહેણાંકના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અમાં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે. તથા જયારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહીત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે."

પત્રક-અ

મકાન ભાડે આપતાં પહેલાં સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં કયા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મીમાં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે. તથા માસીક ભાડું કેટલું છે?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ટેલીફોન/મો.	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મૂળ વતનનું પાકું સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું મોબાઈલ નંબર	રિમાર્કસ (આધાર કાર્ડ)
૧	૨	૩	૪	૫	૬	૭	૮

૧. ઉપર મુજબ સંપૂર્ણ વિગતો નિયત અને અધિકૃત કરી રજીસ્ટરનાં દરેલ કોલમમાં સ્પષ્ટ રીતે અને સંપૂર્ણ રીતે વિગતો ભરી રજીસ્ટર નિભાવવામાં આવે તે સાંપ્રત જરૂરિયાત છે.

-:અમલવારીનો સમય:-

